આજનો સુવિચાર

આપણે સમયનું ધ્યાન નથી રાખતા, તેથી સમય પણ આપણું ધ્યાન નથી રાખતો!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૨૩ જૂનાગઢ તા.૦૩-૦૯-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 223, Junagadh : Date : 03 September, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## ગુજરાતમાં એક સાથે ચાર સીસ્ટમ સક્રિય : ભરૂચનાં વાલીયામાં દે ધનાધન ૧૨ ઈંચ



ગાંધીનગરતા. ૩ : ગુજરાતમાં મેઘરાજા વિરામ લેવાનું નામ લઈ રહ્યાં નથી. રાજયના ઘણા જિલ્લામાં પૂર જેવી સ્થિતિ છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ માટે વરસાદનું પૂર્વાનુમાન જાહેર કરી રાજયમાં અતિ ભારેથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આઈએમડીનું કહેવું છે કે ડ્રિપ્રેશન, શિયર ટ્રફ, મોનસૂન ટ્રફ શિયર ઝોન, ચાર સિસ્ટમ સક્રિય થવાને કારણે ગુજરાતમાં ભારે વરસાદની સંભાવના છે. રાજયમાં ફરી એકવાર ધોધમાર વરસાદની શરૂઆત થઈ ગઈ છે. દક્ષિણ ગુજરાત મેઘરાજાએ તોફાની બેટીંગ કરી છે. અનેક જિલ્લાઓમાં જળબંબાકાર થઈ ગયા છે. ત્યારે ભરૂચમાં બે કલાકમાં પાંચ ઈંચ વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ભરૂચ શહેરના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદથી પાણી ભરાયા છે. ગુજરાતમાં વરસાદનો વધુ એક રાઉન્ડ શરૂ થઈ ગયો છે જેમાં દક્ષિણ ગુજરાતમાં ફરી એકવાર તોફાની વરસાદ શરૂ થઈ ગયો છે. વરસાદના જે પાછલા ૨૪ કલાકના (૩ સપ્ટેમ્બર, સવારના ૬ વાગ્યા સુધી) આંકડા રજૂ કરવામાં આવ્યા છે તેમાં ભરૂચ, તાપી, સુરત, ડાંગ અને નર્મદામાં ૭ થી ૧૨ ઈંચ વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ (૨૯૭ મી.મી.) ૧૧.૭૦ ઈંચ વરસાદ ભરૂચના વાલિયા તાલુકામાં પડ્યો છે. ફરી એકવાર ભારે વરસાદના કારણે નદીઓમાં નવા નીર આવવાની સંભાવનાઓ જોવાઈ રહી છે. જેમાં દક્ષિણ ગુજરાતના ભાગોમાં નીચાણવાળા વિસ્તારોમાં કફોડી સથિતિ સર્જાઈ શકે છે.

ભરૂચ શહેરના ફાટા તળાવ, ફુરજા, સેવાશ્રમ રોડ વિસ્તારોમાં ભારે વરસાદથી રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે. તો ફુરજા વિસ્તારમાં વરસાદી પાણીમાં બાઈકચાલક તણાયો હોવાની પણ ઘટના સામે આવી છે. વરસાદી પાણીના પ્રચંડ પ્રવાહમાં વાહનો તણાવા લાગ્યા છે. ત્યારે ભરૂચવાસીઓને એક વર્ષ પહેલા સર્જાયેલી તબાહીનો ફરી એકવાર ડર સતાવી રહ્યો છે.

છેલ્લા ૨૪ કલાકમાં રાજયમાં થયેલા વરસાદમાં ત્રણ તાલુકામાં ૨૦૦ મી.મી.થી વધુ વરસાદ થયો છે. જેમાં ભરૂચના વાલિયા બાદ તાપીના સોનગઢમાં ૧૦ ઈંચ (૨૫૪ મી.મી.) વરસાદ થયો છે. જયારે તાપીના વ્યારામાં ૯ ઈંચ (૨૨૮) જેટલો વરસાદ વરસ્યો છે. રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૮૩ તાલુકામાં વરસાદ નોંધાયો છે. ભરૂચ, સુરતમાં રેડ એલર્ટ. નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં ઓરેન્જ એલર્ટ છે. બનાસકાંઠા, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, કચ્છમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.

## બાડમેરમાં ફાઈટર પ્લેન મીગ-૨૯ ક્રેશ થયું

બાડમેર તા. ૩

બાડમેરમાં ઉત્તરલાઈ એરબેઝ પાસે ફાઈટર પ્લેન ક્રેશ થયું છે. માહિતી મળતા જ પોલીસ અને વહીવટીતંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ફાઈટર પ્લેનમાં બે પાઈલટ હતા. તે બંને ક્રેશ પહેલા બહાર નીકળી ગયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ, સોમવારે રાત્રે લગભગ ૧૦ વાગ્યે ફાઈટર પ્લેન નિવાસી ધાનીથી દૂર ક્રેશ થયું હતું. પ્લેન ક્રેશ થયા બાદ જોરદાર વિસ્ફોટ સાથે આગ લાગી હતી.

## અફઘાનિસ્તાની તાલીબાન સરકારે મહિલાઓનાં હક્કો સમાપ્ત કરી નાખ્યા

કાબુલ તા. ૩

અફઘાનિસ્તાનમાં તાલિબાનોએ મહિલાઓના હક્ક સમાપ્ત કરી દીધાની જાહેરાત કરી દીધી છે. જેથી સમગ્ર વિશ્વ સ્તબ્ધ થઈ ગયુ છે.તાલીબાની શાસને જાહેર કર્યુ છે કે મહિલાઓ અફઘાનિસ્તાનમાં જાહેરમાં પોતાનો અવાજ ઉઠાવી શકશે નહિં. મહિલાઓએ પોતાનું આખુ શરીર અને આખો ચહેરો ઢાંકવો ફરજીયાત છે. અતિ જરૂરીયાત સિવાઈ મહિલાઓને ઘરની બહાર નીકળવા ઉપર પ્રતિબંધ લાદી દેવાયો છે. અફઘાનિસ્તાનમાં બીન - મુસ્લીમ રજાઓ ઉપર પણ પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. પુરૂષો પણ ગોઠણ દેખાય તેવી શોર્ટ્સ - ચડ્ડી પહેરી શકશે નહિં.

જાહેરમાં સંગીત પણ વગાડી શકાશે નહિં. જીવંત વસ્તુઓની તસ્વીરો પ્રસિદ્ધ કરી શકાશે નહિં. અફઘાનિસ્તાનમાં તાલીબાનો ના ફરમાનથી કટ્ટરપંથીઓ ભારે આનંદીત છે. આ નવા ભયાનક કાનુનો અમલી બનવા છતાં યુનો તાલીબાનો સાથે વાતચીત ચાલુ રાખશે તેમ જાણવા મળે છે.

## પોરબંદર નજીક સમુદ્રમાં કોસ્ટગાર્ડનાં હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડીંગ : બે પાયલોટ સહિત ૩ ક્રુ મેમ્બર લાપત્તા

પોરબંદર તા. ૩

ગુજરાતમાં પૂર સંબંધિત રાહત અને બચાવ કામગીરી કરતું ભારતીય કોસ્ટગાર્ડનું હેલિકોપ્ટરનું અરબી સમુદ્રમાં ઈમર્જન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન હેલિકોપ્ટરમાં સવાર ભારતીય કોસ્ટગાર્ડના બે પાઈલટ ગુમ છે. તેની સાથે રેસક્યૂ કરનાર એક ડાઈવર પણ મુસાફરી કરી રહ્યો હતો. તેની પણ કોઈ જાણકારી મળી રહી નથી. પ્રાપ્ત માહિતી મુજબ, એક ક્રૂ મેમ્બરને બચાવી લેવામાં આવ્યો છે, પરંતુ બાકીના ત્રણ લોકો લાપતા છે. હેલિકોપ્ટરનું ગત મોડી રાત્રે પોરબંદર નજીક દરિયામાં ઈમર્જન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. જેમાં પાઈલટ સહિત ચાર લોકો સવાર હતા. ઈમર્જન્સી લેન્ડિંગ બાદ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરતા રેસક્યૂ કરનાર એક ડાઈવરનો બચાવ થયો હતો, પરંતુ અન્ય ત્રણ લોકો હજુ લાપતા છે. જેની માહિતી ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા ટ્વીટ કરીને આપવામાં આવી હતી.

## કોલકત્તા બળાત્કાર- મર્ડર કેસમાં ભૂતપૂર્વ પ્રિન્સીપાલ સંદીપ ઘોષની ધરપકડ

કોલકત્તા, તા.૩: કલકત્તાની આર. જી. કર હૉસ્પીટલ અને મેડિકલ કૉલેજમાં ૩૧ વર્ષની ટ્રેઈની ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના કેસમાં તપાસ કરી રહેલી સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટીગેશનએ ગઈ કાલે આ કૉલેજના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ ડૉ. સંદીપ ઘોષની નાણાકીય ગેરરીતિના આરોપોમાં ધરપકડ કરી હતી. CBIએ આ સંદર્ભમાં કરેલા ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટ માં ડૉ. ઘોષના કાર્યકાળ દરમ્યાન થયેલી ગેરરીતિઓનો ઉલ્લેખ કર્યો છે.

CBIએ સૉલ્ટ લેક વિસ્તારમાં આવેલી તેમની ઑફિસમાં ડૉ. ઘોષની ૧૫મા દિવસે પૂછપરછ કરી હતી. ત્યાર બાદ તેમને CBIની નિઝામ પૅલેસ ઑફિસમાં લઈ જવામાં આવ્યા હતા અને એજન્સીની ઍન્ટી-કરપ્શન વિંગે તેમની ધરપકડ કરી હતી.

## દુષ્કર્મ - હત્યાકેસમાં મૃત્યુદંડની જોગવાઈ કરતો ખરડો પશ્ચિમ બંગાળ વિધાનસભામાં રજુ

### મમતા બેનર્જીએ ખરડાને ઐતિહાસીક ગણાવ્યો : બીએનએસ કાનૂનથી પણ અપરાજીતા ખરડો વધુ કડક હોવાનું જણાવ્યું

કોલકતા,તા.૩

કોલકતાની આરજીકર હોસ્પીટલમાં મહિલા તબીબ સાથે દુષ્કર્મ અને હત્યાની ઘટના બાદ એક તરફ હજુ પણ રાજયમાં જુનીયર તબીબોનાં ધરણા-આંદોલન ચાલુ રહ્યા છે. તો બીજી તરફ આજે પ.બંગાળ વિધાનસભામાં દુષ્કર્મનાં આરોપીઓને મૃત્યુદંડ સહીતની આકરી જોગવાઈ કરતો ભારતીય ન્યાય સંહીતા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા સહીતના કાનુન છે સુધારા માટે પ્રસ્તાવ અપરાજીતા ખરડો (સુધારા વિધયક) આજે રજુ કર્યા છે. આ પ્રસ્તાપિત ખરડાના પોકસોમાં પણ સુધારાની જોગવાઈ છે. આ પ્રસ્તાવિત ખરડામાં ગેંગરેપ અને પિડીતાની હત્યામાં આરોપી કે આરોપીઓને મૃત્યુદંડની સજાની જોગવાઈ છે જયારે રેપમાં આજીવન કારાવાસ (કુદરતી મૃત્યુ સુધીની) જોગવાઈ છે.

આ ઉપરાંત પિડીતાની ઓળખ થાય તેવી કોઈપણ માહીતી ફોટો કે અન્ય રીતે પ્રસિધ્ધિ બદલ હાલ જે બે વર્ષની સજાની જોગવાઈ છે તે વધારીને ત્રણથી પાંચ વર્ષની સજાનો પ્રસ્તાવ છે. આ ઉપરાંત આ પ્રકારના કેસમાં અદાલતી કાર્યવાહીની કોઈપણ માહીતી મંજુરી વગર પ્રસિધ્ધિ બદલ હાલની બે વર્ષની સજાની જોગવાઈ વધારીને ત્રણથી પાંચ વર્ષની કરવાનો પ્રસ્તાવ છે. વિધાનસભામાં આ ખરડાને મુખ્ય વિપક્ષ ભાજપનુ પણ સમર્થન છે.તેથી પસાર થવાનો કોઈ પ્રશ્ન સર્જાશે નહિં પરંતુ સાચી કસોટી છે રાજયપાલ અને રાષ્ટ્રપતિની મંજુરીમાં છે અને જે રીતે પશ્ચિમ બંગાળમાં મુખ્યમંત્રી મમતા બેનરજી અને તેમની સરકાર તથા રાજયપાલ સીવી આનંદ બોસ વચ્ચે સતત ટકકર થઈ રહી છે તેથી ખરડાને મંજુરી મુદે તેમાં ટકરાવ સર્જાઈ શકે છે. મુખ્યમંત્રી મમતા બેનરજીએ જોકે ચીમકી આપી છે કે જો રાજયપાલ ખરડાને મંજુરી નહિં આપે તો તેઓ રાજભવન સામે ઉપવાસ પર બેસી જશે. ગઈકાલે વિધાનસભામાં મેડીકલ કોલેજ દુષ્કર્મ કેસમાં પિડીતાને તેની ઓળખ જાહેર ના થાય તે રીતે શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. દરમ્યાનમાં આ ખરડો રજુ થયા બાદ વિધાનસભામાં ચર્ચામાં ભાગ લેતા મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આ ખરડાને ઐતિહાસીક ગણાવ્યો હતો અને વર્તમાન બીએનએસ કાનૂનથી પણ અપરાજીત ખરડો વધુ કડક હોવાનું જણાવ્યું હતું.

## અમદાવાદમાં રેસીડેન્ટ ડોકટરોની હડતાળ સમેટી લેવા ડીને ચિમકી આપી : ભારે રોષ

અમદાવાદ તા. ૩ : ગુજરાતમાં રેસિડેન્સ ડોક્ટર્સ દ્વારા હડતાળ ચાલી રહી છે. જોકે, સમગ્ર હડતાળ આખા ગુજરાતમાં માત્ર અમદાવાદમાં જ ચાલી રહી છે, ત્યારે તેને રોકવા માટે બીજે મેડિકલ કોલેજના ડીને આજે હડતાળ કરાશે, તો શિક્ષાત્મક કાર્યવાહી કરવાની ચીમકી આપવામાં આવી છે. એટલું જ નહીં, હડતાળ મામલે ડીને શાહીબાગ પોલીસને પણ જાણ કરી છે. જ્યારે ગુજરાત જુનિયર ડોક્ટર એસોસિએશનનો આક્ષેપ છે કે, તેમને નાપાસ કરવા તથા સસ્પેન્ડ કરવાની ધમકી અપાઈ રહી છે. સાથે પ્રતાડિત પણ કરાતા હોવાની આક્ષેપ કરીને કહ્યું કે, અધ્યાપકો દ્વારા સર્જરી ના શીખવવી, થિસિસમાં સહી ના કરવી, પરીક્ષામાં નાપાસ કરવા તેમજ સસ્પેન્ડ કરવાની ધમકી આપવામાં આવી રહી છે.

## રેશન વિતરકો દુકાન બંધ રાખી શકશે નહી : ૭૩ લાખ રેશનકાર્ડ ધારકોને ધરમધક્કો નહી થાય

ગાંધીનગર તા.૩

ગુજરાતના ૭૩ લાખ NFSA(નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ) કાર્ડ ધારકો માટે રાજ્ય સરકારે મોટો નિર્ણય કર્યો છે. હવે રેશન લેવા જતી વખતે સસ્તા અનાજની દુકાન બંધ જોવા મળશે નહીં. સસ્તાં અનાજની દુકાનો બંધ હોવાની ફરિયાદો મળતા સરકારે આ નિર્ણય કર્યો છે. સરકારી અધિકારીઓની જેમ હવે રેશન વિતરકોએ પોતાની ગેરહાજરીમાં અન્ય કોઈને ચાર્જ સોંપવો પડશે. આ અંગે રેશન વિતરકે બહાર જતી વખતે જિલ્લા પુરવઠા અધિકારીને જાણ કરવી પડશે. વિતરકની ગેરહાજરીમાં અન્ય કઈ વ્યક્તિ દુકાન ચાલુ રાખશે તે અંગે તંત્રને માહિતગાર કરવું પડશે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં સસ્તા અનાજ વિતરણ માટે ૭૦૦ દુકાનો નોંધાઈ છે. રેશનિંગની દુકાનોનો સમય સવારે ૮.૩૦ થી ૧૨ અને સાંજે ૩.૩૦ થી ૬ વાગ્યા સુધીનો છે. જ્યારે સોમવાર તેમજ જાહેર રજાના દિવસે દુકાનો બંધ હોય છે.

એ જ રીતે રાજ્યના ૬૬ લાખ જેટલા "અગ્રતા ધરાવતા કુટુંબો"ની (પ્રાયોરિટી હાઉસ હોલ્ડ- P.H.H.) ૩.૨૩ કરોડ જનસંખ્યાને પ્રતિ વ્યક્તિ ૨ કિલો ઘઉં, ૨ કિલો ચોખા અને ૧ કિલો બાજરી મળી પ્રતિ વ્યક્તિ કુલ ૫ કિલો અનાજનું વિતરણ કરવામાં આવે છે. આમ, P.H.H. કુટુંબમાં પાંચ વ્યક્તિઓ હોય તો ૧૦ કિલો ઘઉં, ૧૦ કિલો ચોખા અને ૫ કિલો બાજરી મળી કુલ ૨૫ કિલો અનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

## કેન્દ્રીય કર્મચારીઓ માટે લાપસીનાં આંધણ મોંઘવારી ભથ્થામાં ૩- ૪ ટકાની જાહેરાત કરાશે

નવી દિલ્હી, તા.૩: કેન્દ્ર સરકારના કર્મચારીઓને આ મહિનાના અંત સુધીમાં મોંઘવારી ભથ્થામાં વધારો મળી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સરકાર સપ્ટેમ્બર ૨૦૨૪ના ત્રીજા સપ્તાહમાં ૩-૪ ટકા DA વધારાની જાહેરાત કરી શકે છે. અગાઉ માર્ચ ૨૦૨૪માં સરકારે DAમાં ૪ ટકાનો વધારો કર્યો હતો. આનાથી તે મૂળભૂત પગારના ૫૦ ટકા થઈ ગયું. તાજેતરના સમયમાં કેન્દ્રીય કર્મચારીઓના લાભો સંબંધિત આ બીજા મોટા સમાચાર છે. તાજેતરમાં જ સરકારે યુનિફાઈડ પેન્શન સ્કીમ (યુપીએસ) શરૂ કરવાની જાહેરાત કરી હતી.

કેન્દ્ર સરકાર મોંઘવારીથી રાહત આપવા માટે તેના કર્મચારીઓ અને પેન્શનરોને ડીએ અને ડીઆર આપે છે. ડીએ કેન્દ્રીય કર્મચારીઓને આપવામાં આવે છે, જ્યારે ડીઆર પેન્શનરોને આપવામાં આવે છે. દર વર્ષે જાન્યુઆરી અને જુલાઈમાં ડીએ અને ડીઆરમાં ફેરફાર થાય છે.

તાજેતરમાં, સંસદના ચોમાસુ સત્ર દરમિયાન, કેન્દ્રીય નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ સમજાવ્યું હતું કે કોરોના રોગચાળા દરમિયાન DA/DRના ત્રણ હપ્તાઓ (૧ જાન્યુઆરી, ૨૦૨૦, જુલાઈ ૧, ૨૦૨૦ અને ૧ જાન્યુઆરી, ૨૦૨૧થી ચૂકવવાપાત્ર) કેમ બંધ કરવામાં આવ્યા હતા.

## વડાપ્રધાન મોદી બ્રુનેઈના પ્રવાસે રવાના : સીંગાપુર પણ જશે

નવી દિલ્હી,તા.૩

પોલેન્ડ અને યુક્રેન બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી હવે ત્રણ દિવસની બ્રુનેઈ અને સિંગાપુરની યાત્રાએ રવાના થયા છે. ફકત પાંચ લાખની વસ્તી ધરાવતા દક્ષિણ પૂર્વ એશીયાના આ ટચુકડા ટાપુ રાષ્ટ્રની ભારતનાં કોઈપણ વડાપ્રધાનની આ પ્રથમ મુલાકાત છે. આજે અને આવતીકાલે વડાપ્રધાન બ્રુનેઈ દેશમાં રોકાશે અને બાદમાં સિંગાપુર જવા રવાના થશે.

રાજાશાહી શાસન ધરાવતાં આ દેશનાં શાસક તેના વૈભવી શોખ માટે જાણીતા છે. કુડતેલથી સમૃદ્ધ આ દેશ બે જીલ્લા ધરાવે છે. ઈસ્લામીક રાષ્ટ્ર તરીકે બ્રુનઈની ઓળખ છે અને પાટનગર દારૂસલામ અને તેના આસપાસનો વિસ્તાર પ્રવાસન માટે પણ જાણીતો છે. આ નાના દેશ વ્યુહાત્મક રીતે ખુબ જ મહત્વનો છે તે તેની એક તરફ મલેશીયા છે. બીજી તરફ દક્ષિણ ચીન ઘુઘવે છે ભારત અને બ્રુનઈ વચ્ચે ૪૦ વર્ષથી રાજદ્વારી સંબંધો છે આ દેશના શાસક સુલતાન હાજી હસનઅલ બોલ્કીયા એ ૧૯૬૭ થી ગાદી સંભાળી હતી.

## ધર્મમાં માનનાર નેતાઓને વિશ્વરભરનાં લોકો પસંદ કરે છે : રીસર્ચ

વોશિંગ્ટન,તા.૩

લોકશાહી અને બિનસાંપ્રદાયિકતાને આદર્શ માનતા દેશોમાં પણ આવા નેતાઓને પસંદ કરવામાં આવે છે જેઓ મતદારોની ધાર્મિક માન્યતાઓ માટે ઊભા રહે છે, પછી ભલે તેમની પોતાની ધાર્મિક માન્યતાઓ મજબૂત ન હોય. આ ત્યાં શકય બને છે જ્યાં ધર્મનો વસ્તી પર મજબૂત પ્રભાવ છે.

પ્યુ રિસર્ચ દ્વારા તાજેતરના સર્વેક્ષણ મુજબ, મોટાભાગના દેશોમાં સામાજિક એકતા અને રાજકીય સ્થિરતા જાળવવા માટે નેતાઓ અને વસ્તી વચ્ચે ધાર્મિક સંવાદિતા મહત્વપૂર્ણ બની ગઈ છે. એશિયાના દેશો, આફ્રિકન અને અમેરિકન દેશોમાં પણ આ જ સ્થિતિ છે. યુરોપમાં પણ, ૪૦ થી ૫૦ ટકા વસ્તીને નેતાઓની તેમની ધાર્મિક માન્યતાઓ માટે ઊભા રહેવાની જરૂર છે. તેમાં તમામ ધર્મના લોકો, ખ્રિસ્તી, મુસ્લિમ, હિંદુ, બૌદ્ધ અને યહૂદીઓનો સમાવેશ થાય છે.

ભારતમાં પણ, ૮૧ ટકા પુખ્ત લોકો માને છે કે તેમના નેતાનું ધાર્મિક માન્યતાઓ સાથે જોડાણ મહત્વપૂર્ણ છે. ઈન્ડોનેશિયામાં ૯૪% પુખ્ત વયના લોકો માટે, તેમના જીવનમાં ધર્મ ખૂબ જ મહત્વપૂર્ણ છે

## ઈઝરાયેલમાં લાખો લોકો રસ્તા ઉપર ઉતરી આવ્યા : નેતન્યાહુ સરકાર સામે વિરોધ

તેલઅવીવ તા. ૩

હમાસ સાથેનાં ભયંકર યુદ્ધ વચ્ચે ઈઝરાયેલને નવા પડકારનો સામનો કરવો પડી રહ્યો છે. ૬ ઈઝરાયેલી બંધકોની હત્યા બાદ નેતન્યાહુની સરકાર સામે નાગરીકોમાં આક્રોશ ફાટી નીકળ્યો છે. અન્ય બંધકોને સુરક્ષીત છોડાવવાની માંગ સાથે પાટનગર તેલ અવીવમાં પાંચ લાખ લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. બીજી તરફ દેશવ્યાપી હડતાળના એલાનથી સરકારી-ખાનગી કચેરીઓ બંધ છે.પરીણામે આવશયક સેવાઓ પણ ખોરવાઈ ગઈ છે. ઈઝરાયેલ સરકારને હવે બેવડા મોરચે પડકાર પડી રહ્યો છે.

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે

અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે

જૂનાગઢ

મો.૯૩૭૬૬ ૦૫૫૬૨

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૯૯૬૮

નક્ષત્ર — જ્યોતિષ

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮,
તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ


ફોન કરીને અવશ્ય આવવું

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જાયાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



# અતિવૃષ્ટિના સમયમાં પંચનાથ મહાદેવના સાનિધ્યમાં પ્રભુ સેવા સાથે જનસેવાને પ્રાધાન્ય : ૩૦૦૦થી વધુ લોકોને ભોજન પૂરૂ પાડ્યું



**શ્રધ્ધા સાથે નિઃશુલ્ક સેવા : ૧૫૦ વર્ષ જૂના મંદિરમાં શ્રાવણ માસના સોમવારે ઘીના શિવલિંગની પૂજા : દરરોજ ૧૫૦ થી વધુ ભૂદેવોને ભોજન, રાહત દરે સારવારની મલ્ટી સ્પે. હોસ્પિટલ, બાળકો માટે અંગ્રેજી શાળા સમગ્ર સેવાભાવ સાથે કરીએ છીએ : પ્રમુખ દેવાંગભાઈ માંકડ**

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૩

રાજકોટમાં વિવિધ પૌરાણિક મંદિરો આવેલા છે.જયાં હજારો શ્રધ્ધાળુ ધર્મપ્રેમી ભાવિકો પૂજન-અર્ચન-આરાધના કરે છે. આજથી ૧૫૦ વર્ષ પહેલાં બ્રિટિશ સરકારે મંદિર હેતુ માટે જમીન વિનામુલ્યે ભેટ આપતા અહીં પંચનાથ મહાદેવ મંદિર ૧૮૭૪ની સાલમાં નિર્માણ થયેલ હતુ. ૧૯૭૦ની આજુબાજુ મંદિરના ટ્રસ્ટ બનતા તેમાં સુધારા-વધારા કરવામાં આવ્યા અને આજે એ જગ્યા પર દવા અને દુવા સાથે વિશાળ મંદિર, ભૂદેવો અને જરૂરિયાત મંદ લોકો માટે ભોજન, રાહત દરે મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ અને બાળકો માટે અંગ્રેજી શાળા શરૂ કરવામાં આવી છે. સમગ્ર સૌરાષ્ટ્રમાં થયેલી અતિવૃષ્ટિને પગલે દરેક સ્વૈચ્છિક સંસ્થા સેવા કરવા પહોંચી હતી. આ સમયે પંચનાથ મહાદેવ મંદિર તરફથી ગવલીવાડ, વિજય પ્લોટ, રામનાથપરા, ભવાની નગર, જેવા અસરગ્રસ્ત વિસ્તારોમાં તારીખ ૨૬ અને ૨૭ના રોજ વિનામૂલ્યે અન્ન પહોચાડવામાં આવ્યું હતું. રાજકોટ પર આવી પડેલ સંકટ સમયમાં સતત ખડેપગે રહેલી સંસ્થાએ અંદાજિત ૩૦૦૦ લોકોને સવાર અને સાંજનું અન્ન પૂરું પાડ્યું હતું. આ તકે પંચનાથ મહાદેવ સાર્વજનિક ટ્રસ્ટ અને શ્રી પંચનાથ મહાદેવ સાર્વજનિક મેડિકલ ટ્રસ્ટના પ્રમુખશ્રી દેવાંગભાઈ માંકડ કહે છે કે, રાજકોટની જાણીતી રાહત દરે ચાલતી પંચનાથ મલ્ટી સ્પેશયાલિટી હોસ્પિટલનો દરરોજ ૧૨૦૦ થી વધુ લોકો લાભ લઈ રહ્યા છે. એટલું જ નહિ પરંતુ કોઈ અણધાર્યો બનાવ બન્યો હોય, કોઈ કુદરતી આફત આવી હોય, ત્યારે પણ પંચનાથ ટ્રસ્ટ અને તેના કાર્યકર્તાઓ ખૂબ સક્રિય હોય છે. તાજેતરમાં થયેલી અતિવૃષ્ટિને પગલે પંચનાથ ટ્રસ્ટના કાર્યકર્તાઓએ જેમના ઘરમાં વરસાદના પાણી પહોંચી ગયા હતા તેમના સુધી ભોજન પહોચતું કર્યું હતું. ઉપરાંત સર્વેશ્વર ચોકમાં જ્યારે પુલ તૂટવાનો બનાવ બન્યો હતો એ સમયે પણ જેટલા લોકોને ઈજા પહોંચી હતી તે તમામને વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી.

આવા અનેક સેવાકાર્યો પંચનાથ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી રહ્યા છે અને હંમેશા લોકોની મદદ માટે તત્પર રહેશે. પંચનાથ મહાદેવના મંદિરમાં ફૂલેકા ઉત્સવ-ઘીની મહાપૂજા કૃષ્ણ જન્મોત્સવ, મહાશિવરાત્રી, રાંદલ માતાજીના લોટા, રામનવમી જેવા તમામ તહેવારોની ઉજવણી ધામધૂમથી કરવામાં આવે છે જેમાં હજારો શ્રધ્ધાળુ જોડાય છે. અને પ્રસાદનો લાભ લે છે. મંદિર ટ્રસ્ટ દ્વારા આધુનિક સુવિધાઓથી સજ્જ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું છે. હોસ્પિટલમાં તમામ પ્રકારની દવાઓ અને રીપોર્ટ રાહત દરે આપવામાં આવે છે. જેમાં ખ્યાતનામ ડોકટરો પણ નિઃશુલ્ક સેવા આપે છે. ખૂબ મોટી સંખ્યામાં લોકો આ હોસ્પિટલનો લાભ લે છે. ઉપરાંત અહીં બ્લડ અને શુગરનો રિપોર્ટ માત્ર ૧૦ રૂપિયામાં થાય છે. હોસ્પિટલમાં દરેક રિપોર્ટ, એક્સરે, સોનોગ્રાફી સહિતનાં લેબોરેટરીનાં કામો રાહત દરથી કરવામાં આવે છે. મંદિરના પ્રાંગણમાં ધોરણ ૧ થી ૭ માટેની અંગ્રેજી માધ્યમની શાળા પણ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવી રહી છે. બાળકોને એ.સી.કલાસરૂમ, ડિજિટલ કલાસ અને વિવિધ એકિટીવિટી પણ કરાવવામાં આવે છે. ઉપરાંત એક વર્ગખંડમાં બે શિક્ષકો દ્વારા બાળકોને શિક્ષણ આપવામાં આવે છે. આ સાથે ભોજન, પુસ્તકો, ગણવેશ સમગ્ર વસ્તુ સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવે છે. આ પંચનાથ મહાદેવ મંદિર છેલ્લા ૧૫૦ વર્ષથી લોકોનાં હૃદયમાં ‘આસ્થા’ના કેન્દ્ર સમુ જોડાયેલ છે. અહીં શ્રાવણમાસની ‘આરતી’નો મહિમા અનેરો છે. હજારો શ્રધ્ધાળુ અખુટ શ્રધ્ધા સાથે દેવોના દેવ ‘મહાદેવ’ના દર્શનાર્થે આવે છે અને ધન્યતા અનુભવે છે. ત્યારે મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા પણ પ્રભુ સેવા સાથે જનસેવાને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધીરાણ સહકારી મંડળી દ્વારા નિવૃત પ્રાધ્યાપકોનું થનારૂ ગરિમાપૂર્ણ સન્માન


પ્રો.ડો.કમલસિંહ ડોડિયા


શ્રી નલિનભાઈ વસા

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૩

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડો. કમલસિંહ ડોડિયાના અધ્યક્ષસ્થાને યોજાનારી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધીરાણ સહકારી મંડળીની છત્રીસમી વાર્ષિક સાધારણ બુધવાર, તા.૧૧-૯-૨૦૨૪ ના રોજ મળશે. આ પ્રસંગે રાજકોટ નાગરિક સહકારી બેંક ડાયરેક્ટર અને પૂર્વ ચેરમેન નલિનભાઈ વસા મુખ્ય મેહમાન પદે ઉપસ્થિત રહેશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી દ્વારા તાજેતરમાં નિવૃત થયેલા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગણિત શાસ્ત્ર ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રો. સમીર વૈદ્ય, તથા રસાયણ શાસ્ત્ર ભવનના વડા પ્રો. હિતેન્દ્ર જોષીનો ગરિમાપૂર્ણ અભિવાદન સમારોહ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડો. કમલસિંહ ડોડિયાના અધ્યક્ષસ્થાને તા.૧૧-૯-૨૦૨૪ને બુધવારના રોજ ત્રણ કલાકે ગુજરાતી ભવનના સેમીનાર હોલમાં યોજાશે. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે રાજકોટ નાગરિક સહકારી બેંકના ડાયરેક્ટર અને પુર્વ ચેરમેન માનનીય નલિનભાઈ વસા ઉપસ્થિત રહેશે. બુધવાર તા.૧૧-૯-૨૦૨૪ના રોજ યોજાનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીની છત્રીસમી વાર્ષિક સાધારણ સભા, સાથોસાથ વય મર્યાદાને કારણે નિવૃત થનાર અધ્યાપકોના અભિવાદન સમારોહને સફળ બનાવવા માટે અધ્યાપકોની સહકારી મંડળીના પ્રમુખ પ્રો.જયદીપસિંહ ડોડિયા, ઉપપ્રમુખ પ્રો.જે.એ. ભાલોડીયા, મંત્રી પ્રો. વી.જે. કનેરીયા, સહમંત્રી ડો.યોગેશ જોગસણ, ખજાનચી ડો.રંજનબેન ખૂંટ, કારોબારી સભ્યો -પ્રો.સંજય ભાયાણી, પ્રો.આર. બી. ઝાલા, પ્રો.અતુલભાઈ ગોસાઈ, પ્રો.નિકેશ શાહ, ડો. રેખાબા જાડેજા, ડો. મનીષ શાહ, ડો.અશ્વિનભાઈ સોલંકી અને ડો.ભરતભાઈ ખેર જહેમત ઉઠાવી રહ્યા છે. કાર્યક્રમના ઉદઘોષક તરીકે મનોવિજ્ઞાન ભવનના વડા પ્રો. યોગેશ જોગસણ ફરજ બજાવશે.

## રેલવે સેફટીમાં શ્રેષ્ઠ કામગીરી બદલ રાજકોટ ડિવિઝનના ૫ કર્મચારીઓને ડીઆરએમએ કર્યા સન્માનિત



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૩

રેલ્વે સેફટીમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ રાજકોટ ડીવીઝનના ૫ કર્મચારીઓનું આજે રાજકોટ ડીવીઝન રેલ્વે મેનેજર અશ્વનીકુમાર દ્વારા ડીઆરએમ ઓફિસ રાજકોટના કોન્ફરન્સ રૂમમાં પ્રમાણપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ એવોર્ડ રાજકોટ ડિવિઝનના ટ્રાફિક અને એન્જિનિયરિંગ વિભાગના કર્મચારીઓને મે અને જુલાઈ, ૨૦૨૪માં રેલ્વે સેફટી માં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ આપવામાં આવ્યો છે. એવોર્ડ મેળવનાર કર્મચારીઓમાં કનક સિંઘ (પોઈન્ટ્સ મેન-મૂલી રોડ), લલિત કિશોર (પોઈન્ટ્સ મેન-લીલાપુર રોડ), દિનેશ આર યાદવ (ટ્રોલી મેન-રાજકોટ), ધર્મેન્દ્ર સિંહ (ગેટમેન-ગેટ નં ૩૮) અને મનદીપસિંહ ઝાલા (સ્ટેશન માસ્તર-અમરસર)નો સમાવેશ થાય છે. ઉપરોક્ત રેલ્વે કર્મચારીઓ દ્વારા ટ્રેકની નજીક ટ્રેનમાં ધુમાડો જોવો, એન્જીનમાં લટકતા ભાગોને જોવું, પોઈન્ટ યોગ્ય રીતે સેટ ન થયેલો જોવું, વ્હીલમાં સ્પાર્કીંગ નોટીસ કરી તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા હતા. આ રેલ્વે કર્મચારીઓની સતર્કતા અને તકેદારીએ સંભવિત રેલ્વે અકસ્માતોને રોકવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ સેફટી ઓફિસર આર.સી. મીણા, સિનિયર ડિવિઝનલ ઓપરેશન મેનેજર સુનિલકુમાર ગુપ્તા અને ડિવિઝનલ એન્જિનિયર(પૂર્વ) નિખિલ શ્રીવાસ્તવ ઉપસ્થિત રહ્યા હતા.

## જૂનાગઢ સહિત જીલ્લામાં જુગારની બદી સામે પોલીસની ધોંષ : ૫૯ જુગારીઓ ઝડપાયા

જૂનાગઢ તા.૩

જૂનાગઢ સહિત જીલ્લામાં જુગારની બદી સામે પોલીસે ધોંષ બોલાવતા ૨ જુગારની કલબ સહિત જાહેરમાં જુગાર રમતા ૫૯ જેટલા જુગારીઓને ઝડપી વિવિધ પોલીસ મથકોએ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસે જોષીપરાના ઓઘડનગર વિસ્તારમાં રહેણાંક મકાનમાં જુગારધામ ચાલતું હોવાની બાતમીના આધારે પરબત વજશીભાઈ દિવરાણીયાના રહેણાંક મકાને દરોડો પાડતા મકાન માલીક સહિત યોગેશ લક્ષ્મણ મોકરીયા, જયેશ અજાભાઈ મકવાણા, સંજય મોહનભાઈ બોરીચા, જેન્તીભાઈ લક્ષ્મણભાઈ બથવરા, જખરાભાઈ નાગાભાઈ ખુંટી, મેણંદભાઈ ભોજાભાઈ પરમાર, અરજણભાઈ સરમણભાઈ વદરને ૨૯૧૨૦ રોકડ સહિત મોબાઈલ મળી કુલ ૫૯૬૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ. જયારે બી ડીવીઝન પોલીસે જોષીપરા વિસ્તારમાં આવેલ શ્રીજીનગર નગર પુષ્પક પાર્કમાં રહેતા બાલુભાઈ નારણભાઈ ચાવડાને રહેણાંક મકાને દરોડો પાડતા મકાન માલીક સહિત ભગવાનજીભાઈ નારભાઈ ચાવડા, વિરેન્દ્ર દેવસીભાઈ વેગડ, મેહુલ ઓઘાભાઈ ઝાપડીયા, દિપક નાથાભાઈ સાંડેગરા, રાહુલ નારણભાઈ સાંડેગરા, પરાગ હરસુખભાઈ જેઠવાને ૪૦૯૫૦ રોકડ સહિત મોબાઈલ અને મોટર સાયકલ મળી કુલ ૧,૦૫,૯૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. મેંદરડા પોલીસે નાની ખોડીયાર ગામેથી જાહેરમાં જુગાર રમતા નયન અશોક રાનેરા, કલ્પેશ રમેશભાઈ સોલંકી, મહેશ મુકેશભાઈ કામલપરા, અંકીત નિલેશભાઈ સોલંકી, રોહીત અશોકભાઈ ડાબસરા, કિશન કારાભાઈ જંજવાડીયાને ૫૬૩૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. સાતવડલા ગામેથી જાહેરમાં જુગાર રમતા સાગર વીનુભાઈ સોલંકી, રોહીત ભીમભાઈ સોલંકી, શાયર વિનુભાઈ સોલંકી અને કિશોર વાલાભાઈ સોલંકીને જાહેરમાં જુગાર રમતા ૩૫૫૦ના મુદ્દામાલ સાથે મેંદરડા પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી તેમજ મેંદરડા પોલીસે નાગલપુર ગામેથી જાહેરમાં જુગાર રમતા કમલેશ રામશી શાજવા, હરેશ રામભાઈ ચૌહાણ, ભરત એભાભાઈ હાથલીયા, રાકેશ રાઘવભાઈ વાજા, જસ્મીન લખમણભાઈ કાંબલીયા, સવદાસ ગોવીંદભાઈ જાદવ, વિજય રાઘવભાઈ વાજાને ૮૦૩૫ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી. વંથલી પોલીસે ટીકર ગામેથી જાહેરમાં જુગાર રમતા મુકેશ બોધાભાઈ ડાભી, મયુર બોઘાભાઈ ડાભી, નારણ દેવાયતભાઈ ભેટારીયા, વિજયગીરી દોલતગીરી મેઘનાથી, જગદીશ નાથાભાઈ કીંદરખેડીયા, રેખાબેન મુકેશભાઈ ડાઘી, જોષનાબેન નાથાભાઈ કિંદરખેડીયાને ૧૫૩૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી. વંથલીના ભાટીયા ગામે રહેતા ભરત કરમશી સીંહપરાના રહેણાંક મકાને દરોડો પાડતા મકાન માલીક સહિત જયસુખ જીણાભાઈ દુદકીયા, શિવા ડાયાભાઈ દુદકીયા, રામજી ડાયાભાઈ દુદકીયા, રમેશ કાળાભાઈ દુદકીયા, ભનુભાઈ પોપટભાઈ દેગામાને ૩૭૯૧૦ રોકડ સહિત મોબાઈલ મળી કુલ ૪૯૪૧૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી. દેશીંગા ગામેથી બાંટવા પોલીસે રાજેશ લાલજી પરીયા, સંતોષ રામાભાઈ પરીયા, સંદીપ નારણભાઈ કંડોરીયા, પ્રફુલ જીવાભાઈ મકવાણા, ધર્મેશ હરદાસભાઈ વેગડા, નીતેશ જેઠાલાલ પરીયા અને દેવજી નાથાભાઈ પરીયાને ૧૧૦૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી. બાંટવા પોલીસે સુનીલી શાંતીભાઈ ઈન્દરીયા, વિજય સુરેશ સોલંકી, આકાશ રમેશ વાહનેકીયા અને કિશન ધીરૂભાઈ રાઠોડને ઘોડપાસાનો જુગાર રમતા ૧૦૫૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. જયારે ચોરવાડ પોલીસે વિસણવેલ ગામેથી મનુભાઈ ખીમાભાઈ ચુડાસમા, હરેશભાઈ ઉર્ફે બીલો લખમણભાઈ મેર, કારાભાઈ કાનાભાઈ રાઠોડને ૩૧૪૦ના મુદ્દામાલ સાથે જુગાર રમતા ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

## તીર્થ ધામ ઘેલા સોમનાથમાં સોમવતી અમાસે ત્રણ લાખથી પણ વધુ ભક્તોએ કર્યા દર્શન : મહાદેવને જળાભિષેક - દુગ્ધાભિષેક





**૧૦૦ જવાનોના ચુસ્ત પોલીસ બંદોબસ્તનાં લીધે શાંતિપૂર્ણ રીતે ભીડ વ્યવસ્થાપન થયું : ૧૫૦ ખાણીપીણી રમકડાના સ્ટોલથી નાના મોટા વેપારીઓને મળી રોજગારી : યાત્રાળુઓ માટે આકર્ષક એમ્યુઝમેન્ટ પાર્ક, સ્નાનઘર, યજ્ઞશાળા, રહેઠાણ અને બંને સમય ભોજન પ્રસાદીની સુવિધા**

(પ્રતીનિધિ દ્વારા)

રાજકોટ તા.૩

રાજકોટ જિલ્લાના વીંછિયા તાલુકાના સોમપીપળિયા ગામમાં શ્રી ઘેલા સોમનાથ મંદિરે સોમવતી અમાસે ત્રણ લાખ ભક્તોએ દર્શન કર્યા હતા. ઘેલા સોમનાથ મહાદેવના જળાભિષેક - દુગ્ધાભિષેક માટે અનેક ભક્તો ઉમટી પડ્યા હતા. ઘેલા સોમનાથ મંદિરમાં દરરોજ શ્રાવણ માસ દરમિયાન નિતનવા શણગારો કરવામાં આવ્યા હતા. શ્રાવણ માસમાં આ યાત્રાધામમાં ભારતભરમાંથી લાખો લોકોનો માનવ મહેરામણ ઉમટયો હતો. આ તીર્થસ્થાન અનેક શ્રધ્ધાળુઓનું આસ્થાસ્થાન છે. સમગ્ર શ્રાવણ માસ દરમિયાન અનેક ધાર્મિક કાર્યક્રમો જેવા કે લોકડાયરા, સાંસ્કૃતિક કાર્યક્રમો, લોકમેળા અહીં યોજાયા હતા. જેનું સમગ્ર આયોજન રાજકોટ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવ્યું હતું. ૧૦૦ જવાનોના ચુસ્ત પોલીસ બંદોબસ્તનાં લીધે શાંતિપૂર્ણ રીતે ભીડ વ્યવસ્થાપન (ક્રાઉડ મેનેજમેન્ટ) થયુ હતું. ૧૫૦ જેટલા ખાણીપીણીના અને રમકડાના સ્ટોલથી નાના મોટા વેપારીઓને રોજગારી મળી હતી. શ્રી ઘેલા સોમનાથ મંદિરનું સંચાલન રાજકોટ જિલ્લા પ્રવાસન વિકાસ સમિતિ હસ્તક છે. આ સમિતિ દ્વારા આ તીર્થસ્થળનો સગવડભર્યો સુંદર વિકાસ થઈ રહયો છે. અહીં સત્સંગ હોલ, આકર્ષક બગીચાઓ, સ્નાનઘર, યજ્ઞશાળા, યાત્રાળુઓ માટે રહેવાની આધુનિક સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. બંને સમય ભોજન પ્રસાદી પણ વિનામૂલ્યે અપાય છે. ટ્રસ્ટની પોતાની જ ગૌશાળા પણ છે. જેમાં ૧૫૦ જેટલી નાની મોટી ગાયોનો નિભાવ થાય છે. આ ઉપરાંત, રૂમ. દસ કરોડથી પણ વધુ રકમના શ્રી મીનળદેવી માતાજી મંદિરના વિકાસ કામો, શ્રી ઘેલા સોમનાથ મંદિર ટ્રસ્ટની વેબસાઈટનું લોંન્ચીંગ તથા ઘેલા સોમનાથ મંદિર નજીકમાં એમ્યુઝમેન્ટ પાર્કના લોકાર્પણ થયા છે. જેનાથી યાત્રિકોને વધુ સગવડો મળી રહી છે જેનાથી પ્રવાસનને વેગ સાંપડયો છે. શ્રાવણ માસના પ્રારંભે જ ઘેલા સોમનાથ મહાદેવના મંદિરે દર્શન કરવા આવનાર શ્રદ્ધાળુઓને પુરતી સુવિધાઓ મળી રહે તે માટે ઘેલા સોમનાથ- રાજકોટ વાયા જસદણ રૂટની બસ તથા રૂા.૧૮૬ લાખના ખર્ચે નવીનીકરણ થયેલા શ્રી મીનળદેવી માતાજી મંદિરના વિકાસ કામોનું લોકાર્પણ તાજેતરમાં થયું હતું. મંદિરના સામે મીનળ દેવીના મંદિરમાં પણ વિકાસ કામો થકી અનેક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. અહી પણ મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડયા હતા. આ મંદિરના ટ્રસ્ટના ચેરમેન કલેકટર પ્રભવ જોષી, વાઈસ ચેરમેન અને નાયબ કલેકટર ગ્રીષ્મા રાઠવા, સભ્ય સચિવ જસદણ મામલતદાર એમ.ડી.દવે, વહિવટદાર નાયબ મામલતદાર હિરેન મકાની છે.

## ઉના તાલુકા ખરીદ વેચાણ સંઘમાં ભાજપે શાસન ધુરા સંભાળી : સતત ત્રીજી વખત પ્રમુખ તરીકે નરસિંહભાઈ ડોબરીયા બિનહરીફ ચૂંટાયા

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૩




ઉના તાલુકા ખરીદ વેચાણ સંઘના ૧૫ ડિરેક્ટોરીની ચુંટણી પૂર્ણ થયા બાદ ભાજપ પ્રેરીત પેનલના ૮ અને કોંગ્રેસ પ્રેરીત પેનલના ૭ ડિરેકટરો ચુંટાયેલા જેમાં મોટાભાગના ડિરેકટરો બિનહરીફ ચુંટાયેલા જ્યારે ૨ થી ૩ બેઠકો ની ચુંટણી થયેલ હતી. આ બિનહરીફ બેઠકોમાં ઉનાના પૂર્વ ધારાસભ્ય પુજાભાઈ વંશ પણ બિનહરીફ ચૂંટાયા હતા. તાલુકા ખરીદ વેચાણ સંઘની ઓફિસમાં ઉનાના મામલતદાર ભોજાણીના અધ્યક્ષ સ્થાને પ્રમુખ પદની ચુંટણી યોજાયેલ જેમાં ખરીદ વેચાણ સંઘના ૧૫ પૈકી ૧૪ ડિરેકટરો હાજર રહેલા હતા. જેમાં ભાજપ પ્રેરીત પેનલના તમામ ડિરેકટરો હજાર રહેલ જેમાં પટેલ સમાજના અગ્રણી નરસિંહભાઈ ડોબરીયાએ પ્રમુખના દાવેદાર તરીકે ફોર્મ ભરેલ જેની સામે અન્ય કોઈ ડિરેકટરે દાવેદારીના નોંધાવતાં ચુંટણી અધિકારી મામલતદારે પ્રમુખ તરીકે નરસિંહભાઈ ડોબરીયાને પ્રમુખ તરીકે બિનહરીફ જાહેર કરતાં ઉપસ્થિત ડિરેકટરોએ તેમજ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે આ નિમણૂકને આવકારી અભિનંદન આપેલ. આમ સતત ત્રીજી વખત નરસિંહભાઈ ડોબરીયા સંઘના પ્રમુખ તરીકે ચુંટાઈ આવેલ ત્યારબાદ ભાજપ પ્રેરીત પેનલના તમામ ડિરેકટરો અને આગેવાનો જેમાં તાલુકા ભાજપ પ્રમુખ બાબુભાઈ ચૌહાણ, સામતભાઈ ચારણીયા, કાંતિભાઈ છગ, ડાયાભાઈ ઝાલોધરા, વિશાલભાઈ વોરા, વિનોદભાઈ બામભણિયા સહિતના આગેવાનો નગરપાલિકા ભવન ખાતે સરદાર વલ્લભભાઈની પ્રતિમાને હાર તોરા કર્યા હતા અને પ્રમુખની નિમણૂકને આવકારી હતી. આમ ફરી એક વખત સહકારી સંસ્થામા ભાજપનો હાથ ઉપર રહેલ હતો.

**બિનહરીફ ચુંટાયેલ પૂર્વ ધારાસભ્ય મીટિંગમાં ગેરહાજર રહ્યા**

તાલુકા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ માટેની નિમણૂકની મામલતદારના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવેલ હતી. આ બેઠકમાં સંઘના ડિરેકટર તરીકે બિનહરીફ ચુંટાયેલા કોંગ્રેસ પ્રેરીત પેનલના પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશ ગેરહાજર રહ્યા હતા.

## ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિની દીકરી ઉજાસ રત્નાકર પાઢે(એસ.જી.એફ.આઈ)જિલ્લા કક્ષાની સ્વિમિંગ કોમ્પિટિશનમાં પ્રથમ સ્થાન મેળવી પરિવાર સહિત ગુગ્ગુળી સમાજનું નામ કર્યું રોશન



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૩

મૂળ વતન દ્વારકા અને હાલ અમદાવાદમાં નિવાસ કરતા માતા ફાલ્ગુનીબેન તથા પિતા રત્નાકર કિશોરભાઈ પાઢની આઠમા ધોરણમાં અભ્યાસ કરતી દીકરી કુમારી ઉજાસ રત્નાકર પાઢે ગત ૨૯ ઓગસ્ટ ૨૦૨૪ ના દિવસે અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમ સ્વીમીંગ પુલ ખાતે ૬૪ માં શાળાકીય રમતોત્સવ (એસ.જી.એફ. આઈ) અમદાવાદ માં અંડર ૧૪ એઈજ ગ્રુપમાં ત્રણ ઈવેન્ટમાં ભાગ લીધો હતો. અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ પ્રાઈમરિ સ્કૂલ નારણપુરામાં અભ્યાસ કરતી ઉજાશે ૪૦૦ મીટર (ફ્રી સ્ટાઈલ સ્ટોક),૨૦૦ મીટર (બટરફ્લાય સ્ટોક) અને ૫૦ મીટર (બટરફ્લાય સ્ટોક) આ ત્રણેય સ્પર્ધા અનુક્રમે ૬.૫૫ મિનિટ ૪.૦૫ મિનિટ અને ૪૬ સેકન્ડ માં પૂર્ણ કરી ત્રણેયમાં પ્રથમ સ્થાન મેળવી પરિવાર તથા ગુગ્ગુળી સમાજનું નામ રોશન કર્યું છે. આગામી રાજ્ય કક્ષાની સ્વિમિંગ સ્પર્ધામાં અમદાવાદ જિલ્લાનું ગુગ્ગુળી સમાજની આ દીકરી પ્રતિનિધિત્વ કરશે.કહેવાય છે કે "મોરના ઈંડા ચીતરવા ના પડે"એ ઉક્તિને કુમારી ઉજાસે સાર્થક કરી છે. માતા ફાલ્ગુનીબેન તથા પિતા રત્નાકર ભાઈ ઉજાસના સ્વિમિંગ કોચ છે. ઉપરાંત ખેલ જગતમાં માતા પિતા અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર પૂર્વ ખેલાડીઓ છે.દાદા કિશોરભાઈ પાઢ દ્વારકાના યોગગુરુ છે જેમના નામે લગભગ ૨૫૦ થી પણ વધુ મેડલો તેમજ પત્રો છે.

## કૃષ્ણ વિદ્યાલયના છાત્રએ અવકાશને લગતા ચિત્રોની સ્પર્ધામાં પ્રથમ સ્થાને



જૂનાગઢ, તા.૩

જૂનાગઢની કૃષ્ણ વિદ્યાલયનાં છાત્ર કપિલ મકવાણાએ રાષ્ટ્રીય અવકાશ દિવસ નિમિતે ભાવનગર રીજયોનલ સાયન્સ સેન્ટર ખાતે યોજાયેલ અવકાશને લગતા ચિત્રોની સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેની આ સિદ્ધિને બિરદાવી તેને ડ્રોન અર્પણ કરી સન્માનિત કરવામાં આવેલ હતું. જેમાં તેને જૂનાગઢ તેમજ સ્કૂલની સાથે પરિવારનું ગૌરવ વધારેલ છે. તેને સ્કૂલનાં પ્રિન્સિપાલ હરદાસભાઈ વાઢેર દ્વારા શુભેચ્છા પાઠવી હતી.

# જૂનાગઢ જીલ્લામાં ભારે વરસાદને કારણે ઘેડ વિસ્તારમાં ખેતરોનાં પાળા મરામત અંગે પાણી ઓસર્યા બાદ કામગીરી હાથ ધરાશે

જૂનાગઢ, તા.૩

જૂનાગઢ જિલ્લામાં ચાલુ વર્ષે ભારે વરસાદના કારણે ૩૦/૬/૨૦૨૪થી ૧/૭/૨૦૨૪ સુધીમાં ઓઝત નદીમાં ભારે પુર આવવાથી કેશોદ તાલુકાના બામણાસા ગામે-૨, બાલાગામ ગામે-૩, કોયલાણા ગામે-૧૧, મટીયાણા ગામે-૮, ઈન્દ્રાણા ગામે-૩, પાદરડી ગામે-૧,માંગરોળ તાલુકાના કુલ-૨૫, એમ કુલ મળીને કેશોદ માંગરોળ અને માણાવદર તાલુકાના કુલ ૫૩ જગ્યાએ પાળા તૂટવા પામેલ હતા. ત્યારબાદ વરસાદ ઓછો થતાં માટીની ઉપલબ્ધિ થતા રસ્તાની અવર-જવર શરુ થતા સિંચાઈ યાંત્રિક વિભાગની મશીનરી દ્વારા બાલાગામ ખાતે ત્રણ, બામણાસા ગામે એક અને પાદરડી ગામે એક પાળાઓની મરામત કરેલી હતી. ત્યારબાદ ફરીથી ૧૯ જુલાઈ થી ૨૪ જુલાઈ સુધી ભારે વરસાદના કારણે ઓઝત નદીમાં પૂર આવવાથી બામણાસા ગામે વધારાના ૬-પાળા તથા બાલાગામ ગામે વધારાના ૨-પાળા તૂટવા પામેલ હતા. જેને લઈને સિંચાઈ વિભાગ દ્વારા ગામના તળાવમાંથી માટી ઉપલબ્ધ ન હોય જે ધ્યાને લઈને તેમજ ખેતરોમાં ભારે વાહન ચાલી શકે તેવી સ્થિતિને ધ્યાને લઈ બામણાસા થી ૧૩ કિલોમિટર દુર આવેલ પંચાળા ગામના તળાવમાંથી માટી લઈને આ પાળાઓ બાંધવા માટે સ્થાનિક ધારાસભ્ય શ્રી દેવાભાઈ માલમની રજૂઆત મૂજબ ચિંચાઈ વિભાગની મશીનરી ફાળવેલ હતી. જેને લઈને સિંચાઈ યાંત્રિક વિભાગ દ્વારા પંચાળા ગામનાં તળાવ માં વાહન ચલાવવામાં ખાલી જગ્યા ઓછી હોવાને ધ્યાને લઈને એક હિટાચી તથા પાંચ ડમ્પર ફાળવેલ હતા. અને બામણાસા ગામેના ખાતેદાર શ્રી ખીમાણાભાઈ કરંગીયાના ખેતરના કાઠે પાળા મરામત કરવા માટે ૨૨મી ઓગસ્ટના રોજ પાંચ ડમ્પર સાઈડ પર મોકલેલ હતા પરંતુ રસ્તાઓનો યોગ્ય વિકલ્પ ન હોવાથી આ પાંચેય ડમ્પર ખેતરમાં રસ્તા તરીકે નાખવામાં આવેલ હતા આમ છતાં ભારે વાહન જઈ શકે તેવી સ્થિતિના જણાતા ૨૩ અને ૨૪ ઓગસ્ટના રોજ બામણાસા ગામના અન્ય સર્વે નંબર પર પાળા તૂટેલ હતા ત્યાં બંને દિવસથી કુલ ૩૩ ડમ્પર નાખવામાં આવેલ હતા. અને ધારાસભ્યશ્રીની ટેલીફોનિક રજૂઆતથી ખીમાનંદભાઈના ખેતર પાસે આવેલો પાળો મરામત માટે તા.૨૪ ઓગસ્ટના રોજ ફરીથી કામ શરૂ કરવા બે ડમ્પર મોકલેલા હતા પરંતુ ફરીથી ખેતરમાં ચાલી શકે તેવી સ્થિતિ બરાબર ઊભી નાં થતા આ કામગીરી હાથ ધરાઈ શકે તેમ ન હતી. ત્યારબાદ વરસાદના કારણે આ કામગીરી બંધ રહેવા પામેલ હતી. ત્યારબાદ ઓઝત નદીમાં ભારે પુર આવતા આ નાખેલ માટીનું ધોવાણ થવા પામેલ હતું. હાલ પંચાળા ગામે હિટાચી તથા ડમ્પરો સાઈટ પર હયાત છે. ખેતરોમાં વાહન ચાલી શકે તેવી સ્થિતિ થતા ફરીથીએ કામગીરી શરૂ કરવામાં આવશે. અને તમામ પાળાઓ મરામત કરવાની કામગીરી વહેલી તકે ચાલુ કરવાની થશે તેમ કાર્યપાલક ઈજનેર જૂનાગઢ સિંચાઈ વિભાગની યાદીમાં જણાવાયું છે.

## જૂનાગઢ જીલ્લા કક્ષા '૨૮મો નેશનલ યુથ ફેસ્ટીવલ

# જૂનાગઢ જીલ્લાના યુવાનો માટે જીલ્લાકક્ષા યુવા ઉત્સવ સાથે વિજ્ઞાન મેળાનું આયોજન

જૂનાગઢ, તા.૩

જૂનાગઢ જિલ્લાકક્ષા યુવા ઉત્સવનું આયોજન જેમાં યુવાનો "વિજ્ઞાન અને ટેકનોલોજી" ક્ષેત્રે પોતાની આગવી સંશોધન શક્તિ પ્રદર્શિત કરી શકે તે હેતુ "૨૮મો નેશનલ યુથ ફેસ્ટીવલ" ની થીમ **"innovation in science and technology"** આધારિત યોજવામાં આવનાર છે, તે અન્વયે જૂનાગઢ જિલ્લાના વતની ૧૫ થી ૨૯ વર્ષના યુવાનો માટે જિલ્લાકક્ષા યુવા ઉત્સવ સાથે વિજ્ઞાન મેળાનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. વિજ્ઞાન મેળાનાં આયોજન સંદર્ભે જરૂરી એવી પાયાની વસ્તુઓની (ટેબલ, ઈલેક્ટ્રિસીટી,વગેરે) સુવિધાઓ અત્રેની કચેરી દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે. વિજ્ઞાન મેળામાં એક વ્યક્તિ/ગ્રુપ (એક ગ્રુપમાં વધુમાં વધુ ૩(ત્રણ) વ્યક્તિ) ભાગ લઈ શકશે. ભાગ લેનાર સ્પર્ધક હોવો જોઈએ. જિલ્લાકક્ષાએ પ્રથમ વિજેતા થનાર સ્પર્ધકે પ્રદેશકક્ષાએ ભાગ જવાનો રહેશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક યુવક યુવતીઓએ સાદા કાગળમાં પોતાનું પૂરું નામ/ગ્રુપનું નામ, સરનામું, શાળાનું નામ, સંપર્ક નંબર, જન્મ તારીખ, ઈ-મેલ એડ્રેસ, અભ્યાસ વગેરે બાબતો સાથે અરજી ફોર્મ સંપૂર્ણ વિગતો, આધાર પુરાવા સાથે જિલ્લા યુવા અને સાંસ્કૃત્તિ પ્રવૃતિઓની કચેરી, બ્લોક નં.૧, પ્રથમ માળ, બહુમાળી ભવન, સરદારબાગ, જૂનાગઢ ૩૬૨૦૦૧ ખાતે તા.૧૦/૦૯/૨૦૨૪ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં રૂબરૂ અથવા પોસ્ટ મારફત મોકલવાની રહેશે તેમ જૂનાગઢ જિલ્લા યુવા વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યુંછે.

# જૂનાગઢ જીલ્લામાં ૩૩% કે તેથી વધુ પાક નુકસાન માટે કૃષિ રાહત પેકેજ જાહેર

## ડિજિટલ ગુજરાત પોર્ટલ ઉપર ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં ઓનલાઈન અરજી કરાશે

જૂનાગઢ તા.૩

જૂનાગઢ જિલ્લામાં જુલાઈ ૨૦૨૪ માસ દરમ્યાન ભારે વરસાદને લીધે થયેલા પાક નુકસાન માટે સરકાર દ્વારા કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવેલ છે. જેમાં જે ખેડૂતોને ૩૩% કે તેથી વધુ પાક નુકસાન થયેલ હોય તેમણે જે તે ગામના વી.સી.ઈ./વી.એલ.ઈ. મારફત ૭/૧૨, ૮-અ ની નકલ, આધારકાર્ડ, બચત ખાતાની નકલ જેવા જરૂરી સાધનિક કાગળો સાથે તાલુકા વિકાસ અધિકારીને સંબોધાયેલ નિયત નમૂનામાં ડિજિટલ ગુજરાત પોર્ટલ પર તા.૩૦, સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. આ અંગે વધુ જાણકારી મેળવવા માટે આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી,તાલુકા વિકાસ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક (તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક તાલીમનો સંપર્ક સાધી શકાશે. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત, જૂનાગઢ દ્વારા એક યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ જીલ્લામાં રોગોને અટકાવવા આરોગ્ય તંત્ર કટિબદ્ધ



જૂનાગઢ, તા.૩

જૂનાગઢ જિલ્લામાં વિવિધ વિભાગો દ્વારા ભારે વરસાદના વિરામ બાદ જરૂરી જગ્યાએ સાફ-સફાઈ, રોડ-રસ્તા રિપેર સહિત આરોગ્ય વિભાગ દ્વારા દવા છંટકાવની કામગીરી હાથ ધરાઈ રહી છે. ત્યારે જૂનાગઢ જિલ્લાના વિવિધ ગામોમાં જઈને આરોગ્ય વિભાગની ટીમ દ્વારા નાગરિકોની આરોગ્યની તપાસ પણ કરવામાં આવી છે. લોકોને કોઈ પણ જાતની બીમારી કે ગામોમાં મચ્છરના ઉપદ્રવ્યો ન ફેલાય એના માટે આરોગ્ય વિભાગ દ્વારા આ કામગીરી કરવામાં આવી છે. જેમાં દવા છંટકાવ કામગીરી, બી.પી., ડાયાબિટીશ તપાસ, ક્લોરિન ગોળી વિતરણ અને પીવાના પાણીનું ક્લોરીનેશન કામગીરી હાથ ધરાઈ છે.

# જૂનાગઢ ભવનાથ ખાતે જૈન સમાજ દ્વારા સોરઠીયા વાણંદ જ્ઞાતિના પ્રમુખનું સન્માન



જૂનાગઢ, તા.૩

જૂનાગઢના ભવનાથ ખાતે આવેલા કાંતાબા જૈન સંકુલમાં જૈન મુનિ આચાર્ય ભગવંત પુર્ણ ચંદ્ર સુરિશ્વર મહારાજ સાહેબ તેમજ અન્ય જૈન સાધુ, સાધ્વીજીઓની નિશ્રામાં ચાલી રહેલા ચાતુર્માસ દરમ્યાન મુનિ શ્રી પ્રશમ લબ્ધિ મહારાજ સાહેબના ચતુર્થ સિધ્ધિ તપના પારણા નિમિત્તે સમાજ સેવક અને પરોપકારી એવા સોરઠીયા વાણંદ જ્ઞાતિ જૂનાગઢના પ્રમુખ બિપીનભાઈ પરસોતમભાઈ ભટ્ટીનું કાંતાબા જૈન સંકુલના ખીચોખીચ ભરેલા હોલમાં જૈન શ્રેષ્ઠી દ્વારા પાઘડી તેમજ મોતીનો હાર પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ જૈન મુનિ શ્રી પ્રશમ લબ્ધિ મહારાજ સાહેબે બીપીનભાઈ પરસોતમભાઈ ભટ્ટી તેમજ અન્ય શ્રાવક, શ્રાવિકાના હસ્તે પારણા કર્યા હતા. બિપિનભાઈ ભટ્ટી સામાજિક ક્ષેત્રે અનેંક વખત સન્માનિત થઈ ચુક્યા છે.

# વિશ્વ નાળિયેર દિવસ નિમિત્તે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરી નાળિયેર ઉછેર માટે માર્ગદર્શન અપાયું



ગીર સોમનાથ, તા.૩

ગુજરાતમાં સૌથી લાંબો દરિયાકિનારો હોવાથી નાળિયેર ઉત્પાદનની શક્યતાઓ સૌથી વધુ છે. નાળિયેરમાં રહેલા ગુણોથી લોકોને જાગૃત કરવા તેમજ રોજગાર સહિત વિવિધ ઉત્પાદનોમાં નાળિયેરના મહત્વને સમજાવવા માટે સમગ્ર વિશ્વમાં ૨ સપ્ટેમ્બરને નાળિયેર દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

વિશ્વ નાળિયેર દિવસ નિમિત્તે સુત્રાપાડા તાલુકાના પ્રશ્નાવડા ખાતે શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખેડૂતોને રાસાયણિક ખેતીના બદલે પ્રાકૃતિક ખેતી તરફ વળી અને નાળિયેરનું ઉત્પાદન કરવા માટે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. ખેતીવાડીનાં નાયબ ખેતી નિયામક(વિસ્તરણ) ડી. એસ.ગઢીયાએ નાળિયેરની ખેતીમાં પાકૃતિક ખેતી કરવા માટે જીવામૃત, ઘનજીવામૃત સહિતના આયામોનો ઉપયોગ કરીને પ્રકૃતિના સ્વાસ્થ્ય અને નાગરિકોના સ્વાસ્થ્ય માટે નાળિયેળની ખેતી કરવી જરૂરી છે. સારી જાતના રોપા વાવીને નારિયેળનાં ઉત્પાદનમાં વિકાસ થાય તે માટે ખેડૂતોને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું તેમજ આ શિબિરમાં ઉપસ્થિત સર્વે ખેડૂતોએ નાળિયેરીના પાકમાં પ્રાકૃતિક ખેતી થકી ઉત્પાદન મેળવતા સફળ ખેડૂત રણજીતભાઈ વૈંશના મોડલ ફાર્મની મુલાકાત લીધી હતી. જ્યાં રણજીતભાઈએ પ્રાકૃતિક ખેતી કેવી રીતે કરવીથી લઈ અને પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનના વેંચાણ વિશેની બાબતો સમજાવી હતી.

# મગફળીના ઊભા પાકમાં સંકલિત રોગ વ્યવસ્થાપન અંગે જૂનાગઢ જીલ્લાના ખેડૂતો માટે માર્ગદર્શિકા જાહેર કરાઈ

જૂનાગઢ, તા.૩

જૂનાગઢ જિલ્લાના ખેડૂતો માટે મગફળીના ઊભા પાકમાં સંકલિત રોગ વ્યવસ્થાપન અંગે લેવાના પગલાં જે અનુસાર, મગફળીમાં થડનો કોહવારો, ડોડવાનો સડો (સ્ટેમ રોટ) અને સફેદ ફૂગના નિયંત્રણ માટે ઉભા પાકમાં રોગિષ્ટ છોડ દેખાય કે તરત જ ઉપાડી ત્યાં બહારથી માટી લાવી ફુગ ઢંકાઈ જાય તે રીતે નાંખવી અને પગથી જમીન દબાવી દેવી જોઈએ. ટ્રાયકોડર્મા હારજીનીયમ આધારીત ૨.૫ કિલોગ્રામ પાવડરને ૨.૫ કિલોગ્રામ રેતીમાં ભેળવી વાવેતરના એક માસ બાદ થડ પાસે આપી, પિયત આપવું.

સફેદ ફૂગના નિયંત્રણ માટે મગફળીના વાવેતર બાદ સમાર મારવો અને પાળા ચડાવવા નહીં. વધારે પડતી આંતરખેડ ન કરવી. ટપકાના રોગથી પાન ખરી પડે તો સફેદ ફુગને ખોરાક મળે છે અને આ રોગ વધે છે. ટપકાને કારણે પાક પાકતા પહેલા પાન ખરી ન પડે તે માટે જરૂરી દવાઓનો છંટકાવ કરવો જોઈએ.

થડનો કોહવારો અને ડોડવાનો સડો (સ્ટેમ રોટ) ના નિયંત્રણ માટે જો ટ્રાયકોડર્મા કલ્ચર વાવણી સમયે ચાસમાં આપી શકાયેલ ન હોય તો વાવણી બાદ ૩૦ દિવસે પંપમાં ૫૦ ગ્રામ પ્રમાણે પંપમાં નોઝલ કાઢીને છોડના મૂળની આસપાસ રેડી શકાય.

લીમડાના તાજા પાનનો અથવા લીંબોળીના અર્કના ૧ ટકાના દ્રાવણનો ૩૦, ૫૦ અને ૭૦ દિવસે છંટકાવ કરવાથી પાનના ટપકાંનું અને ગેરૂ રોગનું નિયંત્રણ કરી શકાય છે. પાનના ટપકાના રોગ તેમજ ગેરૂ રોગના નિયંત્રણ માટે મગફળીનો પાક ૩૦ થી ૩૫ દિવસનો થાય ત્યારે કાર્બેન્ડેઝીમ (૧૦ગ્રામ/૧૦લીટર પાણી) અથવા મેક્રોઝેબ (૧૦ગ્રામ/૧૦લીટર પાણી) અથવા ક્લોરોથેલોનીલ (૧૦ગ્રામ/૧૦લીટર પાણી) અથવા હેક્ઝાકોનાઝોલ (૫મિલી/૧૦લીટર પાણી) અથવા ડાયફેનોકોનાઝોલ (૫મિલી/૧૦લીટર પાણી) અથવા ટેબ્યુકોનાઝોલ (૫ગ્રામ/૧૦લીટર પાણી) અથવા બિટરટેનોલ (૧૦ગ્રામ/૧૦લીટર પાણી) અથવા મેટીરામ (૧૦ગ્રામ/૧૦લીટર પાણી) અથવા પ્રોપીકોનાઝોલ (૧૦ગ્રામ/૧૦લીટર પાણી) અથવા પાયરાક્લોસ્ટોબીન (૧૦ગ્રામ/૧૦લીટર પાણી) અથવા કાર્બેન્ડેઝીમ ૧૨% મેન્કોઝેબ ૬૩% (૧૦ગ્રામ/૧૦લીટર પાણી) અથવા કાર્બેન્ડેઝીમ ૨૫% ફ્લુઝીલાઝોલ ૧૨.૫% (૧૦ગ્રામ/૧૦લીટર પાણી) ફૂગનાશક દવાના ૨ થી ૩ છંટકાવ ૧૨ થી ૧૫ દિવસના અંતરે કરવા. શક્ય હોય તો દરેક છંટકાવ સમયે એકની એક ફુગનાશક ન વાપરતા દવાની ફેરબદલી કરવી. મગફળીમાં અગ્રકાલિકાનો સુકારો રોગ થ્રીપ્સ મારફતે ફેલાતો હોવાથી શોષક પ્રકારની કીટનાશક દવાઓનો જરૂર મુજબ છંટકાવ કરવો. મૂળના ગંઠવા કૃમિના નિયંત્રણ માટે કાર્બોફ્યુરાન ૩જી દવા ૩ કિલોગ્રામ હેક્ટર દીઠ આપવી. ઊભા પાકમાં મૂળનો સડો થતો અટકાવવા માટે જરૂર જણાયે પૂરતા પ્રમાણમાં પાણી આપવું જોઈએ. તેમજ કાપણી સમયે ડોડવાઓને ઈજા ન થાય તેનું ધ્યાન રાખવું. મગફળીમાં સુકારો મુખ્યત્વે પાકના ૫૦ થી ૬૦ દિવસ બાદ વધુ પડતા તાપમાને ઓછા પડતા ભેજની અવસ્થાએ જોવા મળતો હોઈ ઉભા પાકમાં આંતરખેડ અને નિંદામણ કરતી વખતે તેમજ મગફળી ઉપાડતી વખતે ડોડવાને ઈજા ન થાય તેની સાવચેતી રાખવી. આફલાટૂટ રોગના નિયંત્રણ માટે કાપણીની અવસ્થાએ જો ભેજની ઉણપ હોય તો છેલ્લા ૨૦-૨૫ દિવસ હળવું પિયત આપવું. મગફળીના ડોડવા અને દાણામાં ૮ ટકાથી ઓછો ભેજ રહે તે મુજબ સુકવીને ભેજ મુક્ત જગ્યાએ સંગ્રહ કરવો. વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે, આપવામાં આવેલ ડોઝ અને જે તે રોગ કે જીવાત માટેની દવા છે. તે ભલામણ મુજબ વાપરવા માટે જણાવવામાં આવે છે. આ અંગે વધુ જાણકારી મેળવવા માટે આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, ખેતી અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક વિસ્તરણ), નાયબ ખેતી નિયામક તાલીમનો સંપર્ક સાધી શકાશે. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત, જૂનાગઢ દ્વારા એક યાદીમાં જણાવાયું છે.

# લાંચના ગુનામા પકડાયેલ જૂનાગઢ જીલ્લા ખેતીવાડી અધીકારીને જામીન ઉપર મુક્ત કરતી અદાલત

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૩



જૂનાગઢ જીલ્લા ખેતીવાડી અધીકારી તરીકે ફરજ બજાવતા મયંક સીદપરાએ કારખાને થી લીધેલ બીયારણનો નમુનો બરાબર નહી હોવાનું અને બીયારણ વેચવુ હોય તો વહીવટ કરવો પડશે તેમ કહી લાંચની માંગણી કરી સહઆરોપીને લાંચ લેવા મોકલી ગુનો આચરવા બદલ પરપકડ પામેલ ખેતીવાડી અધિકારી મયંક સીદપરાને જામીનપર મુક્ત કરતો હુકમ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ફરમાવવામાં આવેલ છે. કેસની હકીક્ત જોઈએ તો જુનાગઢ જીલ્લાના વિસાવદર તાલુકાના રતાંગ ગામે રહેતા અને જુનાગઢ ખાતે ધર્મનંદન એગ્રી સીડસ નામથી સીંગદાણાનું ગોડાઉન ધરાવી સીંગદાણાનો વેપાર કરવા માટે ડેપ્યુટી ડાયરેક્ટર ઓફ એગ્રી જુનાગઢનુ લાયસન્સ ધરાવી બિયારણનો ધંધો કરતા ફરીયાદી ચેતન ગોવીંદભાઈ પાનેલીયાએ જુનાગઢ જીલ્લા ખેતીવાડી અધિકારી મયંક પ્રવીણભાઈ સીદપરા વિરૂધ્ધ એ.સી.બી. પોલીસ સ્ટેશન જુનાગઢમાં એ મતલબની ફરીયાદ આપેલ કે આરોપીએ ફરીયાદીના બિયારણનો નમુનો લઈ સીલ કરી લઈ ગયેલ બાદ ફરીયાદીને સરદાર બાગ રોડ ઉપર તાલુકા સેવા સદન કચેરી પાસે આવેલ જીલ્લા ખેતીવાડી અધિકારીની ઓફીસે બોલાવી બીયારણનો નમુનો બરાબર નથી વેચાણ કરવું હોય તો વહીવટ કરવો પડશે નહીતર જયા તમારો માલ વહેચાતો હશે ત્યા સેલ સ્ટોપ કરી દઈશ જેથી મે સીઝન પુરી થયા બાદ આપી દઈશ તેમ કહી નીકળી ગયા બાદ તુ વહીવટ પતાવવા આવેલ નથી કેતનભાઈનો ફોન આવશે જોઈ લેજો જેથી મે રૂા. ૧૦,૦૦૦/- આપવાનુ જણાવતા હા કહેતા કેતનભાઈ નામના માણસનો ફોન આવતા તેઓએ લક્ષ્મી મોટર રીવાઈડીંગની દુકાને આપી દેવા જણાવેલ જયા મે રકમ આપેલ નહી જેથી કેતનભાઈનો ફરી ફોન આવેલ અને ઈન્ડીયન ઓઈલ પેટ્રોલપંપે ઉભો છુ આવી જાવ જેથી અમોએ સીદપરા સાહેબ સાથે વાત કરતા તેઓએ કેતનભાઈ સાથે વાત કરી તેઓને રકમ આપવાનું જણાવતા તમામ વાતચીતનુ રેકોડીંગ કરી લઈ બિયારણના નમુના રીજેકટ નહી કરવા રૂા.૧૦,૦૦૦/-ની લાંચની માંગણી કરી યેનકેન પ્રકારે હેરાન કરી રકમ કેતનભાઈ નામના માણસને આપવાનુ જણાવી ગુનો આચરનાર ખેતીવાડી અધિકારી તથા કેતનભાઈ બંને વિરૂધ્ધ ધોરણસર થવા ફરીયાદ આપતા બંનેની ધરપકડ કરવામા આવેલ. બંને આરોપીઓ પૈકી જુનાગઢ જીલ્લા ખેતીવાડી અધિકારી મયંક સીદપરા ધ્વારા રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવા કરેલ જામીન અરજી જુનાગઢની સેસન્સ અદાલત ધ્વારા નામંજુર કરવામા આવતા એડવોકેટ રીપલ ગેવરીયા મારફત અરજદારે નામદાર ગુજરાત હાઈકોર્ટમા રેગ્યુલર જામીન અરજી કરી રજુઆત કરેલ કે અરજદાર સમાજના આબરૂદાર વ્યકિત છે અરજદારની અચોકસ પીરીયડ માટે જેલમાં રાખવાથી કોઈ ઉપયોગી હેતુ બહાર આવે તેમ નથી અરજદાર શરતોનુ પાલન કરવા તૈયાર છે તપાસ પુર્ણ થઈ ગયેલ છે ચાર્જસીટ ફાઈલ થઈ ગયેલ છે જેથી જામીનપર મુક્ત થવા કરેલ રજુઆતનો સરકાર તરફે સખ્તાય થી વિરોધ કરી ગુનાની ગંભીરતા લક્ષે લઈ જામીન અરજી નામંજુર કરવા જણાવવામા આવેલ. બંને પક્ષની રજુઆતો, રેકર્ડપરની હકીકતો લક્ષે લેતા તેમજ ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ હોય ચાર્જસીટ ફાઈલ થઈ ગયેલ હોય અરજદારે પબ્લીક સર્વન્ટ તરીકેના નોકરીના સમયગાળા દરમ્યાન ફરીયાદી પાસેથી ગેરકાયદેસર નાણાની ડીમાન્ડ કર્યાનો આક્ષેપ છે જે તમામ હકીકતો તેમજ નામદાર સુપીમકોર્ટના ત્રણ પેરામીટર્સ પ્રથમ દર્શનીય કેસ, અરજદારની ટ્રાયલ સમયેની હાજરી તથા સાહેદોને હેમ્પર ટેમ્પર કરવાની શક્યતા સાથે કસ્ટડીનો સમયગાળો લક્ષે લેતા સાથે કેસની હકીકતો, આક્ષેપ નો પ્રકાર, ગુનાની ગંભીરતા, ટ્રાયલ સમયેની આરોપીની હાજરી તથા ગુનાના કામેનો આરોપીનો રોલ લક્ષે લેતા અરજદારને જામીન ઉપર મુક્ત કરવાનુ મુનાસીફ માની જુનાગઢ જીલ્લા ખેતીવાડી અધિકારી મયંક સીદપરાને રેગ્યુલર જામીન પર મુકત કરતો હુકમ ફરમાવવામાં આવેલ. ઉપરોક્ત કામમા આરોપી મયંક સીદપરા વતી રાજકોટના સુરેશ ફળદુ એન્ડ એશોશીયેટસના એડવોકેટ રીપલ ગેવરીયા, યુવરાજ વેકરીયા, વિવેક ભંડેરી, હાર્દીક વાગડીયા, વિવેક લીંબાસીયા, જસ્મીન દુધાગરા, અભય સભાયા તથા હાઈકોર્ટમા પ્રતીકભાઈ જસાણી રોકાયેલ હતા.

# અદાણી વિદ્યા મંદિર ભદ્રેશ્વરને બેસ્ટ ડે-બોર્ડિંગ સ્કૂલ એવોર્ડ એનાયત

અમદાવાદ, તા.૩

અદાણી વિદ્યામંદિરભદ્રેશ્વર **(AVMB)** બેસ્ટ ડે-બોર્ડિંગ સ્કૂલ એવોર્ડ એનાયત થયો છે. નવી દિલ્હી ખાતે આયોજીત રાષ્ટ્રીય શાળા પુરસ્કાર-૨૦૨૪ના ભવ્ય એવોર્ડ સમારંભમાંછફસ્મ્ને આ શ્રેષ્ઠ સન્માન પ્રાપ્ત થયું છે.પુરસ્કાર વિજેતા છફસ્મ્ને ટ્રોફી અને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. **NSA** ૨૦૨૪નીરાષ્ટ્રીય સ્તરની માન્યતા પ્રાપ્ત થતા **AVMB**ની યશકલગીમાં વધુ એક પીંછું ઉમેરાયું છે. રાષ્ટ્રીય સ્તરે નાના વિસ્તારના શિક્ષણવિદો અને શાળાઓમાં સ્પર્ધાત્મક ભાવના જન્મે અને તેઓ શ્રેષ્ઠત્તમ પ્રદર્શન કરી શકે તેવો આ એવોર્ડનો ઉમદા હેતુ છે. વિદ્યાર્થીઓને આગળ લાવવા છફસ્મ્ના શિક્ષકો કટિબદ્ધ અને સતત પ્રયત્નશીલ છે. તેઓ બાળકોને શ્રેષ્ઠ માર્ગદર્શન અને શિક્ષણ પૂરું પાડે છે.શાળાના પ્રયત્નોને બિરદાવતોઆ એવોર્ડ **AVMB** ટીમના મહેનતની સુવાસ પ્રસરાવે છે. **AVMB** ના આચાર્યઆશુતોષ ઠાકર જણાવે છે કે "ભદ્રેશ્વર આસપાસના માછીમાર સમુદાયના બાળકો માટે આ શાળા રણમાં મીઠી વીરડી સમાન છે. વંચિત પરિવારોના બાળકોને વિનામૂલ્યે ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરૂ પાડવા અમારી ટીમ હંમેશા અગ્રેસર રહેશે.આ શાળામાંકામ કરવાનોઅમને ગર્વ છે." **AVMB** બાળકોને માત્ર શિક્ષણ જ નહીં, પરંતુ તેમના સર્વાંગી વિકાસને માટે નિઃશુલ્ક શિક્ષણની સાથોસાથ શૈક્ષણિક સામગ્રી, ગણવેશ તેમજ ઉત્તમ સ્વાસ્થ્ય માટે પૌષ્ટિક આહારની સવલતપણ આપે છે. માછીમાર સમુદાયના બાળકોને શિક્ષણ સાથે બાળકોના સર્વાંગી વિકાસ માટે અવિરત કાર્યરત છે.શિક્ષણ ક્ષેત્રે



ડિજિટલ ઈન્ડિયાના સપનાને સાકાર કરવા માટે **AVMB** નિષ્ઠાપૂર્વક પ્રતિબદ્ધ છે. વળી સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં પણ છફસ્મબાળકોની ક્ષમતા ઓળખી તેને ખીલવવાનું કામ કરે છે. શાળાની વિશેષ દ્રષ્ટિ વિદ્યાર્થીઓમાં વૈશ્વિક માનસિકતા વિકસાવવી અનન્ય ક્ષમતાઓનું નિર્માણ કરવાની છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# જામીન પર ટિપ્પણી

દિલ્હીમાં બહુચર્ચિત શરાબ નીતિ કૌભાંડ અને તેની સાથે જોડાયેલ મની લોન્ડરિંગ કેસમાં ભારત રાષ્ટ્ર સમિતિનાં નેતા કે.કવિતાને સુપ્રીમ કોર્ટે જે રીતે એ પ્રશ્ન કરતાં જામીન આપ્યા કે આખરે તેમના વિરુદ્ધ પુરાવા ક્યાં છે, તેનાથી સીબીઆઇ અને ઈડી કઠેરામાં ઊભેલી દેખાઈ રહી છે. તેમ છતાં પણ એવું ન કહી શકાય કે સુપ્રીમ કોર્ટ એવા કોઈ નિષ્કર્ષ પર પહોંચી ગઈ કે કોઈ કૌભાંડ જ નથી થયું. એ ઠીક છે કે તેણે સીબીઆઇ અને ઈડીને પૂછયું કે આખરે પ્રમાણ ક્યાં છે, પરંતુ એની પણ અવગણના ન કરી શકાય કે તેણે કે.કવિતાને જામીન આપતાં તેમના પર કેટલીક શરતો લગાવી અને તેમને નિર્દેશિત કર્યા કે જામીન દરમ્યાન તેઓ સાક્ષીઓને પ્રભાવિત કરવા અને પુરાવા સાથે છેડછાડ કરવાની ચેષ્ટા નહીં કરે. તેનો મતલબ છે કે સુપ્રીમ કોર્ટે જામીન તો આપ્યા, પરંતુ ક્લીનચિટ નથી આપી. સમસ્યા એ છે કે આ પ્રકારના મામલે ન્યાયાધીશોની ટિપ્પણીઓ કંઈક જુદું જ ધ્વનિત કરે છે. કેટલીય વાર એવી ટિપ્પણીઓ ચુકાદાનો ભાગ પણ નથી હોતી. આખરે ન્યાયાધીશો જે કહે છે તે પોતાના ચુકાદામાં લખતા કેમ નથી? ધ્યાન રહે કે કેટલીય વાર તેમની મૌખિક ટિપ્પણીઓને આધાર બનાવીને જામીન મેળવનારા નેતાઓ અને તેમના સમર્થકો એવો માહોલ ઊભો કરે છે કે તેમના પર લગાવેલ આરોપો નિરાધાર છે અને જે કૌભાંડમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી, તે થયું જ નથી. આ વખતે પણ એવું જ કરાઈ રહ્યું છે.

કે.કવિતા અને તેના પહેલાં મનીષ સિસોદિયાને જામીન મળ્યા બાદ પણ એમ ન કહી શકાય કે આ કેસમાં અંતિમ ચુકાદો આવી ગયો છે. નેતાઓના ભ્રષ્ટાચાર સાથે જોડાયેલા કેસોમાં અંતિમ ચુકાદો વહેલી તકે આવે તેના માટે તપાસ એજન્સીઓએ પણ સક્રિયતા દેખાડવી પડશે અને ન્યાયાલયોએ પણ. જરૂરિયાત એની જ નથી કે સીબીઆઇ અને ઈડી એ સ્પષ્ટ કરે કે તેમણે વારંવાર એવા સવાલોનો સામનો કેમ કરવો પડે છે કે પુરાવા ક્યાં છે? તેની સાથે જ એ પ્રશ્નનો પણ જવાબ મળવો જરૂરી છે કે ટ્રાયલ શરૂ થવામાં બિનજરૂરી વિલંબ કેમ થાય છે? ધ્યાન રહે કે સુપ્રીમ કોર્ટે મનીષ સિસોદિયાને જામીન આપતી વખતે ટ્રાયલમાં વિલંબનો જે ઉલ્લેખ કર્યો હતો, તે જ કે.કવિતા કેસમાં પણ કર્યો. ખબર નહીં કે.કવિતા બાદ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને જામીન મળે છે કે નહીં, પરંતુ તેનો ઈનકાર ન કરી શકાય કે દેશમાં રાજકીય ભ્રષ્ટાચાર છે અને એના પર લગામ લગાવવાની જરૂર છે. આ સંદર્ભે એટલાથી સંતુષ્ટ ન થઈ જવાય કે વડાપ્રધાન રાજકીય ભ્રષ્ટાચારનો ખાતમો કરવા માટે કમર કસેલી છે અને હાલમાં જ સ્વતત્રતા દિવસે લાલ કિલ્લા પરથી તેમણે એવું કહ્યું પણ ખરું. રાજકીય ભ્રષ્ટાચારનો ખાતમો ત્યાં સુધી પ્રભાવી રીતે નહીં થાય, જયાં સુધી તપાસ એજન્સીઓ અને અદાલતો પોતાનું કામ તત્પરતાથી નથી કરતી.

# ભાણવડમાં સગીરાના અપહરણ સંદર્ભે પોકસોના કેસમાં આરોપીને દસ વર્ષની સખત કેદ તથા દંડ


જામ ખંભાળિયા, તા. ૩ ભાણવડ પંથકમાં રહેતી એક સગીરાને લલચાવી, ફોસલાવીને અપહરણ કરીને લઈ ગયા બાદ દુષ્કર્મ ગુજારવા સબબ ખંભાળિયાની એડિશ્નલ સેશન્સ અદાલતે આરોપીને દસ વર્ષની સખત કેદ તથા દંડ ફટકારતો હુકમ કર્યો છે.

આ સમગ્ર પ્રકરણની વિગત મુજબ ખંભાળિયા તાલુકાના આહિર સિંહણ ગામે રહેતા પિયુષ મનોજભાઈ ચુડાસમા નામના ૨૧ વર્ષના શખ્સ દ્વારા આજથી આશરે ચારેક માસ પૂર્વે એક આસામીની સગીર વયની પુત્રીને લાલપુર તાલુકાના ગોવાણા ગામે એક પ્રસંગમાં મળ્યા બાદ તેણી સાથે મિત્રતા કેળવી અને બદદાનતથી લલચાવી ફોસલાવીને પ્રેમ જાળમાં ફસાવી હતી. ત્યારબાદ તેણીને લગ્ન કરવાની લાલચ આપીને મોટરસાયકલ પર અપહરણ કરી ગયા બાદ તેના સંબંધીના ઘરે સડોદરા ગામે લઈ ગયો હતો. જ્યાં ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણતો હોવા છતાં તેની સગીરતાનો લાભ લઈ અને પ્રેમજાળમાં ફસાવી એકથી વધુ વખત શરીર સંબંધ બાંધી, દુષ્કર્મ ગુજાર્યું હતું.

ત્યારબાદ આ સગીરા સડોદરા ગામેથી મળી આવતા આ પ્રકરણ સંદર્ભે ભાણવડ પોલીસ મથકમાં પોકસો એક્ટની જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ બનાવના તપાસની અધિકારી પી.આઈ. તુષાર પટેલ દ્વારા ભોગ બનનારની મેડિકલ તપાસણી તેમજ આ અંગેના વિવિધ પુરાવાઓ એકત્ર કરી, ખંભાળિયાની નામદાર એડિશ્નલ સેશન્સ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું હતું. તાજેતરમાં આ કેસ એડિશ્નલ સેશન્સ જજ એસ.જી. મનસુરી સમક્ષ ચાલી જતા ભોગ બનનાર તેમજ ફરિયાદી અને મેડિકલ ઓફિસરની જુબાની વિગેરે સાથે જિલ્લા સરકારી વકીલ એલ.આર. ચાવડા દ્વારા કરવામાં આવેલી વિવિધ દલીલોને ગ્રાહ્ય રાખીને આરોપી પિયુષ મનોજભાઈ ચુડાસમાને તકસીરવાન ઠેરવી, અને જુદી જુદી કલમ હેઠળ કુલ ૧૦ વર્ષની કેદની સજા તેમજ રૂા. ૧૭,૫૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

આ પ્રકરણમાં ભોગ બનનાર સગીરાના સામાજિક, આર્થિક અને માનસિક પુનર્વસન માટે વિટનેસ કમ્પન્સેશન સ્કીમ હેઠળ રૂપિયા એક લાખનું વળતર ચૂકવવા માટે પણ હુકમ કર્યો છે.

# ખંભાળિયામાં અતિભારે વરસાદ વચ્ચે પણ નંદ સોસાયટીમાં પાણી ન ભરાતા લોકોમાં રાહત







## મોટી સંખ્યામાં લોકો વોકિંગ તેમજ હવાફેર માટે આવે છે

જામ ખંભાળિયા, તા. ૩ ખંભાળિયાના પોસ રહેણાંક વિસ્તારમાં આવેલી નંદ સોસાયટીમાં વિવિધ સુવિધાઓ સાથે પાણી નિકાલની સુંદર વ્યવસ્થા તાજેતરમાં દાખલા રૂપ બની રહી છે. ખંભાળિયા તાલુકામાં તાજેતરના ચાર દિવસના સમયગાળા દરમિયાન આશરે ૩૮ ઈંચથી વધુ વરસાદ વરસતા ઠેર ઠેર વ્યાપક પ્રમાણમાં પાણી ભરાયા હતા. શહેરના જુદા જુદા વિસ્તારોમાં આવેલી સોસાયટીઓમાં પાણી ઘુસી જવા તેમજ ઘરમાં પાણી ભરાઈ જવાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. ત્યારે અહીંના મહત્વના એવા બેઠક રોડ નજીક આવેલી નંદ સોસાયટી ખાતે ભારે વરસાદની કોઈ વિપરીત અસર જોવા મળી ન હતી. અવિરત રીતે પડેલા ભારે વરસાદના પગલે કેટલીક સોસાયટીમાં તો લોકો ઘરની બહાર પણ નીકળી શકતા ન હતા. ત્યારે નંદ સોસાયટીમાં વ્યવસ્થિત ડ્રેનેજ સિસ્ટમ હોવાથી અહીં કોઈપણ પ્રકારનો જલ ભરાવ થયો નહોતો. આ અંગે નંદ સોસાયટીના નિખિલભાઈ મુકુંદભાઈ બરછાએ જણાવ્યું હતું કે ખંભાળિયા શહેરમાં ડ્રેનેજ સુવિધા સુવ્યવસ્થિત રીતે નથી. જ્યારે નંદ સોસાયટીમાં દક્ષિણ-પૂર્વ ખૂણા થી ઉત્તર-પશ્ચિમ ખૂણામાં સાડા ચાર ફૂટના ઢાળ સાથે મુંબઈ પ્રકારની ડિઝાઈન કરવામાં આવી છે. ભારે વરસાદના ચાર દિવસ દરમિયાન એક પણ વખત નંદ સોસાયટીમાં પાણીનો સંગ્રહ થયો નથી અને આ ભારે વરસાદનું પાણી તરત જ બહાર વહી ગયું હતું.

આસપાસના વિસ્તારના લોકો જેમના ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા, તેઓને અસ્થાયી રૂપે નંદ સોસાયટીમાં આશ્રય લેવાની મંજૂરી આપવામાં આવી હતી.

આ વચ્ચે મહત્વની બાબતો એ છે કે નંદ સોસાયટીએ ખંભાળિયાને એક મનોરંજન કેન્દ્ર આપ્યું છે અને તેની સોસાયટી શહેરના તમામ પરિવારો માટે દર રવિવારે બગીચા અને સુંદર વાતાવરણનો લાભ લેવા માટે આમ જનતા માટે આકર્ષણ રૂપ બને છે.

# ખંભાળિયાના દાંતા ગામમાં ભારે પુરના કારણે મોટી સંખ્યામાં ઘેટાં બકરાંના મોત



## સહાય માટે કેબિનેટ મંત્રી બેરાનો પ્રયાસ: રૂા.૧.૫૬ લાખ અપાયા

જામ ખંભાળિયા, તા. ૩ ખંભાળિયા તાલુકામાં તાજેતરમાં નિર્માણ પામેલી અતિવૃષ્ટિ જેવી પરિસ્થિતિ દરમ્યાન તાલુકાના દાંતા ગામના ભરવાડ પરિવારોના ૩૯ ઘેટા-બકરાનો મોત થયા હતા. માલધારી પરિવારો માટે આ મુશ્કેલ સમયે સરકાર દ્વારા છ પીડિત પરિવારોને રૂા.૧,૫૬,૦૦૦ ની સહાય ફાળવવામાં આવી છે. ખંભાળિયા વિસ્તારના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ દાંતા ગામે આવીને તેઓને સહાયના ચેકનું વિતરણ કર્યુ હતું. જેમાં તાલુકા વિકાસ અધિકારી, ગામના વતની અને જિલ્લા ભાજપ મંત્રી રાજુભાઈ સરસિયા, સરપંચ જશવંતસિંહ જાડેજા, તલાટી મંત્રી, ગામના આગેવાનો તેમજ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.કેબિનેટ મંત્રી મુળુભાઈએ દાંતા ખાતે સેવાભાવી કાર્યકર રાજુભાઈ ભરવાડના નિવાસસ્થાને જઈને ત્યાં તેમણે પરિવારજનો સાથે સહૃદય વાર્તાલાપ કર્યો હતો. તેમના આ પ્રેમપૂર્ણ વર્તન અને ગામ માટેની સંવેદનાથી દાંતા ગામના લોકો ખૂબ જ પ્રભાવિત થયા હતા. આ ઉપરાંત, મુળુભાઈ બેરાએ દાંતા ગામની સરકારી શાળાની કોમ્પ્યુટર લેબ અને વિદ્યાર્થીઓને મળતી સુવિધાઓની નિહાળી અને શાળાના વિકાસ માટે આગામી વિકાસ કાર્યોની ચર્ચા કરી હતી. દાંતા ગ્રામ પંચાયત, સમગ્ર ગામજનો અને ભરવાડ સમાજ દ્વારા કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાનો આભાર વ્યકત કરી, આ પ્રયાસને સમાજ હિત ગણાવ્યું હતું.

# રાવલ ખાતે સારવારના અભાવે તરૂણીનું મૃત્યું નિપજતા ગ્રામજનો દ્વારા આવેદનપત્ર અપાયું





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩ દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના રાવલ ગામે તાજેતરમાં ભારે વરસાદની પરિસ્થિતિ વચ્ચે હનુમાનધાર વિસ્તારમાં રહેતી ખૂબ જ બીમાર અવસ્થામાં મંગુબેન કેશુભાઈ મારૂ નામની આધારે ૧૫ વર્ષની તરૂણીને રાવલ-હનુમાનધાર વચ્ચે વર્તુ નદીના પુલ ઉપર અતિ ભારે ભયાનક પુર આવ્યું હોવાથી મંગુબેનને જરૂરી સારવાર મળી ન હતી. જેથી સારવાર ન મળવાના કારણે તેણીનું મૃત્યુ થયું હતું. આના અનુસંધાને હનુમાનધારના લોકો તથા યુવતીના પિતા દ્વારા નગરપાલિકા ખાતે સ્થાનિક મામલતદાર, રાવલના ચીફ ઓફિસર, નગરપાલિકાના પ્રમુખ વિગેરેને હનુમાનધાર, બારીયાધાર અને રાવલના જે પ્રાણ પ્રશ્નો છે તે બાબત આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં જણાવાયા મુજબ હનુમાનધાર, બારીયાધારને પ્રાથમિક સારવાર માટે હોસ્પિટલ તેમજ ડોકટરોની સુવિધા મળે તથા રાવલ અને હનુમાનધાર વચ્ચે ઓવર બ્રિજ બને તેમજ રાવલના જે પરા વિસ્તાર છે ત્યાં રાવલ શહેરની સાથે પૂરતો વીજ પુરવઠો મળે તે માટેની માંગ કરવામાં આવી હતી. રાવલ નગરપાલિકા હોવા છતાં કેટલાક વિસ્તારોને અમુક સુવિધાઓ મળી નથી તે તાત્કાલિક મળે તેવી લોક માંગ પણ આ વિસ્તારના રહીશો દ્વારા તંત્ર સમક્ષ કરવામાં આવી હતી. આ ઉપરાંત મૃતક યુવતી મંગુબેનને મુખ્યમંત્રી રાહત કોષમાંથી તેણીના પરિવારને આર્થિક મદદ મળે તે માટેની માંગ કરાઈ હતી. આ વચ્ચે રાવલના મામલતદાર દ્વારા જણાવાયા મુજબ રાવલ નગરપાલિકાની રેસ્ક્યુ ટીમ દ્વારા આ ધસમસતા પૂરમાં હોડી દ્વારા અમે યુવતીની મદદે ગયા હતા, પણ પૂરમાં પાણીનો પ્રવાહ અતિ ભારે હોવાથી રેસ્ક્યુ ટીમ મદદે પહોંચી ન શકી હતી. જેથી તરૂણીની તબિયત બગડતા તેણી મૃત્યુ પામી હતી. અહીં દવાખાના, પ્રાથમિક સારવાર અને ડિઝાસ્ટરની મદદ અને વીજ પ્રશ્ને વધુ સગવડ મળે તેવા અમારા સતત પ્રયાસો ચાલુ છે.


# ગુપ્તપ્રયાગમાં ભાદરવી અમાસનાં મેળાનો પ્રારંભ




(પ્રતિનિધિ દ્વારા) ઊના તા.૩

ઊનાથી સાત કિલોમીટર દૂર પ્રાચીન તીર્થ ધામ ગુપ્ત પ્રયાગ આવેલ છે. જેમાં દર વરસની પરંપરા મુજબ ભાદરવી અમાસ નિમિત્તે ત્રણ દિવસનો લોક મેળોનો પ્રારંભ બ્રહ્માનંદ ધામ ચાપરડાના મહંત અને અખિલ ભારતીય સાધુ સમાજના પ્રમુખ ગુપ્ત પ્રયાગના વિકાસના પ્રેરણા સ્ત્રોત પૂ. મુકતાનંદ બાપુના સાનિધ્યમાં સવારે દીપ પ્રાગટ્ય કરી ધ્વજાજીનું પૂજન કરી ધ્વજા આરોહણ કરી લોક મેળો ખુલ્લો મુકાયો હતો અને સૌરાષ્ટ્રભરમાંથી હજારો લોકો પિતૃ તર્પણ કરવા કુંડના કાઠે આવી વિધિનો પ્રારંભ કરવામાં આવેલ છે.

# ખંભાળિયામાં પેટ્રોલ પંપ નજીક પાર્ક કરાયેલી કારમાં ભિંસણ ભભૂકી ઉઠી : ભારે દોડધામ





(પ્રતિનિધિ દ્વારા)


જામ ખંભાળિયા તા.૩ ખંભાળિયા શહેરમાં પોરબંદર રોડ ઉપર એક પેટ્રોલ પંપ પાસે પાર્ક કરીને રાખવામાં આવેલી એક ડોક્ટરને કાર તેમજ બે મોટરસાયકલમાં એકાએક આગ ભભૂકી ઉઠતા ભારે દોડધામ મચી જવા પામી હતી. ખંભાળિયામાં પોરબંદર રોડ ઉપર આવેલા ટાઉનહોલ નજીક આવેલા એક પેટ્રોલ પંપ પાસે કોઈ કારણોસર મોટરસાયકલ સળગી ઊઠતા આ આગ નજીકમાં રહેલી એક મોટરકારમાં લાગી હતી. સળગી ઊઠેલી જી.જે ૧૦ ડી.એ. ૬૦૫૯ નંબરની મોટરકાર અહીંના ચાર રસ્તા વિસ્તારમાં હોસ્પિટલ ધરાવતા ડોક્ટર પ્રકાશભાઈ ધારવીયાની હતી અને આ મોટરકારને આગમાં વ્યાપક નુકસાન થવા પામી હતી. આ ઉપરાંત એક મોટરસાયકલ ચંદ્રેશભાઈ નંદાણીયાનું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. પેટ્રોલ પંપ નજીક લાગેલી આ આગના કારણે થોડો સમય ભય સાથે દોડધામની પરિસ્થિતિ સર્જાઈ ગઈ હતી. આ આગ લાગતા પીજીવીસીએલ દ્વારા થોડો સમય પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો. આગના ઉપરોક્ત બનાવવા અંગે ફાયર વિભાગને જાણ કરવામાં આવતા ચીફ ફાયર ઓફિસર મિતરાજસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ ફાયર સ્ટાફના જીતેન્દ્રસિંહ વાઢેર બ્રિજરાજસિંહ, ઈર્શાદભાઈ, મનસુખભાઈ મારુ સહિતનો સ્ટાફ ફાયર ફાઈટર સાથે ઘટના સ્થળે દોડી ગયો હતો અને લાંબો સમય પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવાયો હતો. આગમાં વાહનોમાં વ્યાપક નુકસાની થવા પામી હતી. જો કે કોઈ મોટી જાનહાની ન થતા લોકોએ રાહતનો દમ ખેંચ્યો હતો.

## ખંભાળિયાના રેલવે સ્ટેશન માટે મુક બધિર બાળક મળી આવ્યો

જામ ખંભાળિયા તા.૩ ખંભાળિયાના રેલવે સ્ટેશન ખાતેથી પસાર થતી ઓખા-ભાવનગર ટ્રેનમાં એક મુક બધિર બાળક ખંભાળિયાના રેલ્વે વિભાગના એ.એસ.આઈ. મોહનલાલ શર્માને મળી આવ્યો હતો. આ બાળકના કોઈ વાલી-વારસ સાથે ન હોવાથી તેને અહીંના ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ચેરમેન સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. તેમની સાથે કાઉન્સિલરની ઉપસ્થિતિમાં પ્રાથમિક પૂછપરછ બાદ આ બાળકને ખંભાળિયામાં આવેલા ચિલ્ડ્રન હોમ ફોર બોય ખાતે મોકલી આપવાનો હુકમ કરવામાં આવ્યો છે.

# ખંભાળિયા સહિત જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે થયેલી પાકની નુકસાનીના સરવે તેમજ વળતર અંગે ખેડૂતો દ્વારા રજૂઆતો






(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સાર્વત્રિક અતિ ભારે વરસાદ વરસી ચૂક્યો છે. હાલ ઠેર ઠેર ભરાયેલા પાણી વચ્ચે વરસાદી બ્રેક રહી છે, ત્યારે અહીંના ખેડૂતો દ્વારા જિલ્લા કલેકટરને એક લેખિત આવેદન પત્ર પાઠવી અને જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે વિવિધ પાકોમાં થયેલી નુકસાન અંગેનો સરવે કરાવી અને ખેડૂતોને વળતર ચૂકવવા માટેની રજૂઆત કરવામાં આવી છે. ખંભાળિયામાં ભારતીય કિસાન સંઘ દ્વારા પાઠવવામાં આવેલા આવેદનપત્રમાં જણાવાયું છે કે તાજેતરમાં સતત ચાર દિવસ સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વરસી ગયેલા ભારે વરસાદના કારણે વિવિધ પ્રકારના ખરીફ તેમજ બાગાયતી પાકો અને શાકભાજીને વ્યાપક નુકસાની થવા પામી છે. અનેક ખેતરોમાં પાણી ભરાઈ જતા મહદ અંશે વિવિધ પાક નિષ્ફળ થવાની ભીતિ જોવા મળી રહી છે. આ પરિસ્થિતિને ધ્યાને લઈને ખેડૂતોને થયેલી નુકસાનીનો સરકાર દ્વારા તાકીદે સરવે કરાવવામાં આવે તેમજ ખેડૂતો માટે રાહત પેકેજ જાહેર કરી અને સહાય ચૂકવવામાં આવે તે માટેની માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લામાં અનેક વિસ્તારોમાં હજુ સુધી વીજ પુરવઠો પૂર્વવત થયો નથી. જેથી આ અંગેની ટીમ ફાળવી અને ગ્રામ્ય વિસ્તારમાં ઝડપથી વીજ પુરવઠો ચાલુ કરવા માટે પણ વધુમાં રજૂઆત કરાઈ છે.

# જન્માષ્ટમીના કૃષ્ણ જન્મોત્સવ બાદ પરંપરાગત રીતે જગતમંદિરમાં પૂજારી પરિવાર દ્વારા છઠ્ઠીની પૂજનવિધિ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૩ શ્રાવણ વદ અષ્ટમીએ કૃષ્ણ જન્મોત્સવ બાદ દ્વારકાધીશ જગતમંદિરમાં છઠ્ઠીનું પૂજન વિધિવિધાન અનુસાર શાસ્ત્રોકત વિધિ અને પરંપરા મુજબ જગતમંદિરના પુજારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

# આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

નિરાશા નિર્બળતાનુંચિહ્ન છે.

- સ્વામિ રામતિથ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ફરવરદીન-૧૩૯૪, મુ. સફર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, શ્રાવણ વદ-૩૦ મંગલાગૌરી વ્રત, શિવ પૂજન સમાપ્ત, નકલંગ મેળો તા.૩ સપ્ટેમ્બર ૨૦૨૪, મંગળવાર, પારસી તા. ૨૦, મુસ્લિમ તા. ૨૯, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, સિધ્ધ યોગ, કિંસ્તુઘ્ન કરણ, સૂ.ઉ. ૬:૩૫, સૂ.અ.૭:૦૬

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ભાગીદાર સાથે મતભેદ થાય. અગત્યના પ્રશ્નો ગુંચવાતા લાગે.
વૃષભ: આર્થિક બાબતે સંભાળવું હિતાવહ. ધનલાભની તક સાંપડે.
મિથુન: વ્યર્થ ઉગ્રતાથી દૂર રહેવું. નવિન વાહન, જમીન ખરીદી થાય.
કર્ક: માનસિક થાક અનુભવાય. નવિન કાર્ય મળે.
સિંહ: નવિન કાર્યમાં વધારો થાય. માનસિક આનંદ-ઉલ્લાસ રહે.
કન્યા: યશ, માન, કીર્તિમાં વધારો થાય. ધાર્મિક કાર્યમાં ધન વપરાય.
તુલા: જામીનગીરીથી લાભ રહે. કૌટુંબિક વાતાવરણ હળવું બને.
વૃશ્ચિક: આર્થિક બાબતે સંભાળવું હિતાવહ. નવિન લાભની તક સાંપડે.
ધન: વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે. મિત્રોથી વાણી ઘર્ષણ રહે.
મકર: આકસ્મીક પ્રવાસ-મુસાફરી થાય. વ્યાપાર-નોકરીમાં લાભ થાય.
કુંભ: વ્યર્થ મનોભાર રહે. કાર્ય સફળતા માટે મહેનત વધારવી પડે.
મીન: જીવનસાથીના આરોગ્યની ચિંતા રહે. કચેરીના કાર્યમાં સફળતા.

# જન ધન યોજનાના ૧૦ વર્ષ : નાણાંકીય સમાવેશતા માટે એક અગત્યનું પ્રોત્સાહન પરંતુ નિષ્ણાંતો કહે છે કે, તેના માટે વધુ જાગૃતિની જરૂર છે

**નિષ્ણાંતો કહે છે કે, તેની અસરનું મૂલ્યાંકન કરવા માટે વધુ ડેટાની જરૂરિયાત છે, સરકારી ડેટા દર્શાવે છે કે હાલમાં ૫૩ કરોડ જનધન ખાતાધારકો છે, જેમાંથી ૩૦ કરોડ મહિલાઓ છે. પ્રધાનમંત્રી જન ધન યોજના ૨૦૧૪માં શરૂ કરવામાં આવી હતી, જ્યારે નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકાર સત્તામાં આવી હતી**

નવી દિલ્હી, તા.૩

પ્રધાનમંત્રી જન ધન યોજના (PMJDY)ની શરૂઆતને એક દાયકો પૂર્ણ થયો છે. નાણાકીય સાક્ષરતા, સમાવેશ અને સામાજિક સુરક્ષાના ઉદ્દેશ્ય સાથે ૨૦૧૪માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી આ યોજના હેઠળ હાલમાં ૫૩ કરોડથી વધુ નાગરિકો પાસે બેંક ખાતા છે. વડાપ્રધાન દ્વારા તાજેતરમાં સોશિયલ મીડિયા પોસ્ટમાં શેર કરાયેલ ડેટા અનુસાર, આ ખાતાધારકોએ ૨.૩ લાખ કરોડ રૂપિયાથી વધુની થાપણો કરી છે. લગભગ ૩૦ કરોડ લાભાર્થીઓ મહિલાઓ છે. LinkedIn ઉપરની એક પોસ્ટમાં, મોદીએ લખ્યું હતું કે આ પહેલ એક એવા ભારતનું નિર્માણ કરવાનો પ્રયાસ હતો જ્યાં દરેક નાગરિક, કોઈપણ આર્થિક પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના, ઔપચારિક બેંકિંગ એક્સેસ કરી શકે.

તેમણે એ પણ કહ્યું કે આ યોજનાના લાભો મેટ્રોપોલિટન શહેરોની બહારના લોકો સુધી પહોંચવામાં આવ્યા છે, કારણ કે જન ધન ખાતાધારકોમાંથી ૬૫ ટકા ગ્રામીણ અથવા અર્ધ-શહેરી વિસ્તારોમાં છે. અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને અન્ય પછાત વર્ગો (OBC)ના કરોડો પરિવારો ઉપર પણ તેની સકારાત્મક અસર પડી છે. નાણાપ્રધાન નિર્મલા સીતારમણે X ઉપરની એક પોસ્ટમાં આ યોજનાને લોકોની ચળવળ ગણાવી હતી. સરકારે જણાવ્યું છે કે જન ધન યોજનાને સફળતાપૂર્વક વધુ બચત, ધિરાણની પહોંચમાં વધારો, નાણાકીય સેવાઓની પહોંચની દૃષ્ટિએ લિંગ તફાવતને દૂર કરવા અને ગુનાના દરમાં ઘટાડા સહિત સકારાત્મક સામાજિક અસરો, અને દારૂ અને તમાકુના વપરાશમાં ઘટાડો થયો છે. આ યોજનાને JAM (જન ધન, આધાર, મોબાઈલ)નો મહત્વપૂર્ણ આધારસ્તંભ ગણાવતા, વડાપ્રધાને કહ્યું કે આ યોજનાએ આયુષ્માન ભારત, પીએમ-કિસાન, જેવા લગભગ તમામ સરકારના મુખ્ય કાર્યક્રમોમાં સીધા ટ્રાન્સફરની સુવિધા આપી છે. અને તેમના દ્વારા શેર કરાયેલ ડેટા અનુસાર લગભગ રૂા.૩૯ લાખ કરોડના ડાયરેક્ટ ટ્રાન્સફર થયા છે.

સરકાર દ્વારા સૂચિબદ્ધ જન ધન યોજનાના લાભોમાં ખાતાઓમાં લઘુત્તમ બેલેન્સ જાળવવા માટે કોઈપણ જરૂરિયાત નથી અને ખાતાધારકોને રૂપે ડેબિટ કાર્ડની જોગવાઈ આપવામાં આવી છે અને રૂા.૧ લાખના અકસ્માત વીમા કવચ અને રૂા.૧૦,૦૦૦ સુધી ઓવરડ્રાફ્ટ (OD) સુવિધાનો સમાવેશ થાય છે. વિશ્વ બેંકના અહેવાલ મુજબ, 'JAM ટ્રિનિટી'એ ભારતમાં નાણાકીય સમાવેશન દરને ૨૦૦૮માં ૨૫ ટકાથી વધારીને છેલ્લા છ વર્ષમાં ૮૦ ટકા પુખ્ત વયના લોકો સુધી પહોંચાડ્યો છે. બેંક ઓફ બરોડાના મુખ્ય અર્થશાસ્ત્રી મદન સબનવીસે જણાવ્યું હતું કે જન ધન યોજનાના ૧૦ વર્ષોના પરિણામે ઘણા પરિવારોને બેંકિંગ સુવિધાઓની એક્સેસ આપી છે. મને ખાતરી છે કે આ બેંક ખાતાઓ દ્વારા નાણાં ટ્રાન્સફર થઈ રહ્યા છે. જો કે, તેમણે કહ્યું હતું કે સરેરાશ બેંક બેલેન્સ વધ્યું નથી, એટલે કે ઘણા લોકો આ ખાતાઓમાં તેમના પૈસા રાખી રહ્યા નથી. મોટા ભાગના ખાતાધારકો ગરીબ પૃષ્ઠભૂમિમાંથી આવે છે. તેઓ સામાન્ય રીતે પૈસા મોકલવા અને ઉધાર લેવા જેવા લાભો વિશે પણ જાણતા નથી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ અંગે સાક્ષરતા અને જાગૃતિ વધારવાની જરૂર છે અને લોકોને યોજનાના લાભો વિશે માહિતગાર કરવા અંગે વધુ વાતચીત થવી જોઈએ. અર્થશાસ્ત્રી ગુરચરણ દાસે કહ્યું કે જન ધન યોજના એ નાણાકીય સમાવેશની વ્યાખ્યા છે. સામાન્ય લોકો માટે આ પહેલા મુશ્કેલ હતું. તેઓએ તેમના પૈસા તેમના ગાદલા નીચે છુપાવવા પડતા હતા. PMJDYએ તેમને, અને ખાસ કરીને મહિલાઓને સુરક્ષા પ્રદાન કરી છે. હવે લાખો લોકોના બેંક ખાતા છે. તે એક સશક્તિકરણ છે.




જો કે, સેન્ટર ફોર પોલિસી રિસર્ચના પૂર્વ CEO યામિની અય્યરે જણાવ્યું હતું કે આ યોજનાએ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા કલ્યાણ કાર્યક્રમોના આર્કિટેક્ચરમાં નોંધપાત્ર પરિવર્તન કર્યું છે, ત્યારે તેની કલ્યાણકારી અસરને સમજવા માટે વધુ ડેટા અને મૂલ્યાંકનની જરૂર છે. તેના માટે મજબૂત ફરિયાદ નિવારણ પ્રણાલીઓનું નિર્માણ કરવું, અને લોકો કલ્યાણ લાભો મેળવી શકે છે તે સુનિશ્ચિત કરવા માટે DBT આર્કિટેક્ચરની અંદર સુધારાત્મક પગલાં ભરવાની જરૂર છે. જન ધન યોજનાનું મહત્વ સમજવા માટે આપણે વધુ ડેટા અને મૂલ્યાંકન કરવું જોઈએ અને નાગરિકોના અધિકારોનું સંપૂર્ણ રક્ષણ થાય તેની ખાતરી કરવા માટે વધુ કામગીરી કરવાની જરૂર છે.

# જૂના શિક્ષકની ભરતીમાં વિલંબ થતાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની ભરતીને અસર થશે

## TAT-HSની ભરતીની જાહેરાત બહાર પડવાની છે, એક માસ પછી પણ જૂના શિક્ષકોની ભરતી શરૂ કરાઈ નથી

અમદાવાદ, તા.૩

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં જાહેર કરેલા ભરતી કેલેન્ડર પ્રમાણે જૂના શિક્ષકોની ભરતી માટે ૧ ઓગસ્ટના રોજ જાહેરાત આપવામાં આવનાર હતી, પરંતુ એક માસ પછી પણ જૂના શિક્ષકોની ભરતી માટેની જાહેરાત આપવામાં આવી નથી. ત્યાં હવે ૧ સપ્ટેમ્બરના રોજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક (TAT-HS)ની ૪ હજાર જેટલી જગ્યાઓની ભરતી માટે જાહેરાત સામે પણ પ્રશ્નો ઊભા થયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષ માટેનું ભરતી કેલેન્ડર જાહેર કર્યું હતું. જેમાં ૧ ઓગસ્ટના રોજ HTAT અને જૂના શિક્ષકોની ભરતી માટેની જાહેરાત બહાર પાડવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. ભરતી કેલેન્ડર મુજબ ૧ સપ્ટેમ્બરે ૪ હજાર આ જાહેરાત અનુસાર ૧ ઓગસ્ટના રોજ HTATની ૧૨૦૦ જેટલી જગ્યાઓ ઉપર ભરતી માટેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ જૂના શિક્ષકોની ભરતી માટેની જાહેરાત બહાર પાડવામાં આવી ન હોવાનું જાણવા મળે છે. જૂના શિક્ષકોની ભરતી માટેની સૂચના તૈયાર કરવામાં વિલંબ થવાને લીધે હવે ભરતીમાં પણ વિલંબ થયો હોવાનું કહેવાય છે. સરકાર દ્વારા ભરતી કેલેન્ડરમાં ૨૨૦૦ જૂના શિક્ષકોની ભરતી કરવાનું નક્કી કરાયું હતું. જોકે, એક માસ પછી પણ ભરતીની જાહેરાત બહાર પાડવામાં આવી નથી. એક બાજુ હજુ જૂના શિક્ષકોની ભરતી માટેની જાહેરાત બહાર પાડવામાં આવી નથી, ત્યાં શિક્ષણ વિભાગના ભરતી કેલેન્ડર પ્રમાણે ૧ સપ્ટેમ્બરના રોજ ૪ હજાર જેટલા ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની ભરતી માટેની જાહેરાત બહાર પાડવામાં આવનાર છે. શિક્ષણ વિભાગના ભરતી કેલેન્ડર અનુસાર ૧ સપ્ટેમ્બરના રોજ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષક માટેની ૭૫૦ અને ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષક માટેની ૩૨૫૦ જગ્યાઓ ભરવા માટેની જાહેરાત બહાર પાડવામાં આવનાર છે. જો કે, જૂના શિક્ષકોની ભરતી માટેની હજુ કાર્યવાહી હાથ ધરવામાં આવી ન હોવાથી ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની ભરતી માટેની કાર્યવાહી ઉપર અસર થશે.

## વડાપ્રધાન મોદી ફરી એકવાર આવશે ગુજરાત : જન્મદિવસ અહીં મનાવશે

ગાંધીનગરમાં ગ્રીન એનર્જી સમિટમાં વડાપ્રધાન ભાગ લેશે

**અમદાવાદ પો.કમિશનર કચેરીના લોકાર્પણ સહિતના કાર્યક્રમો માટે ગોઠવાતો તખ્તો**

ગાંધીનગર, તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એક વખત ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. ૧૭મી સપ્ટેમ્બરે તેમનો જન્મદિવસ છે ત્યારે તેઓ ગુજરાતના કાર્યક્રમમાં હાજર રહેવાના છે. જેમાં ગાંધીનગર ખાતે યોજાનારી ગ્રીન એનર્જી સમિટમાં તેઓ ભાગ લેશે. ૧૬મી સપ્ટેમ્બર સાંજે તેઓ અમદાવાદ આવી જાય તેવી વિગતો સામે આવી રહી છે. ત્યારબાદ તેઓ ૧૭મી સપ્ટેમ્બરે સમિટમાં ભાગ લઈને અમદાવાદ શહેર પોલીસ કમિશનર કચેરીનું ઉદ્ઘાટન કરી શકે છે. આ માટે કેટલીક તૈયારીઓ શરૂ કરવામાં આવી હોવાની વિગતો સૂત્રો પાસેથી જાણવા મળી છે. પ્રધાનમંત્રીના સત્તાવાર કાર્યક્રમમાં બીજા પણ કાર્યક્રમ સામેલ હોવાની વિગત જાણવા મળી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના જન્મદિવસે ગુજરાતમાં આવવા હોવાની વિગતો સૂત્રો પાસેથી જાણવા મળી રહી છે. ૧૬મી સપ્ટેમ્બરે તેઓ અમદાવાદ આવશે અને ૧૭મી સપ્ટેમ્બરે તેમના જન્મદિવસે તેઓ ગાંધીનગરમાં ગ્રીન એનર્જી સમિટમાં ભાગ લે તેવી શક્યતા છે. એટલું જ નહીં તેમના જન્મદિવસે તેવો બીજા કેટલાક અન્ય કાર્યક્રમોમાં પણ સામેલ થાય તેવો તખ્તો ગોઠવાઈ રહ્યો હોવાની વિગતો સૂત્રો પાસેથી જાણવા મળી રહી છે. અમદાવાદ શહેર પોલીસ કમિશનરની કચેરીનું લોકાર્પણ પણ તે દિવસે જ કરવામાં આવે તેવું પણ વિશ્વસનીય સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૬મી સપ્ટેમ્બર રાતે અમદાવાદ આવશે અને ૧૭મી સપ્ટેમ્બર મોડીરાતે તેઓ પરત ફરશે તેવું જાણવા મળી રહ્યું છે. વડાપ્રધાનના આ કાર્યક્રમમાં બીજા કેટલાક કાર્યક્રમો પણ હોવાનું જાણવા મળી રહ્યું છે અને તેઓના કાર્યક્રમની સત્તાવાર જાહેરાત હવે પછી પીએમ કાર્યાલયમાંથી થશે તેવું ગાંધીનગરના સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે.

## CETના મેરિટમાં આવેલા ૭૪ હજાર વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું


અમદાવાદ, તા.૩

કોમન એન્ટ્રન્સ ટેસ્ટના મેરિટમાં આવેલા ૭૪ હજાર જેટલા વિદ્યાર્થીઓ પ્રોજેક્ટ સ્કૂલમાં પ્રવેશ અને સ્કોલરશીપ મેળવવા માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. ત્યારબાદ આ વિદ્યાર્થીઓને સ્કૂલમાં પ્રવેશ મેળવવો છે કે પછી સ્કોલરશીપ લેવી છે તે માટે શનિવારથી ચોઈસ ફિલીંગ શરૂ થવાનું હતું, પરંતુ આ પ્રક્રિયા મોકૂફ રાખવામાં આવી હોવાનું જાણવા મળે છે. નિવાસી શાળાઓની મંજુરીની પ્રક્રિયામાં વિલંબ થવાના લીધે હાલ પુરતી ચોઈસ ફિલીંગની કાર્યવાહી મોકૂફ રખાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જ્ઞાનશક્તિ રેસીડેન્શ્યલ સ્કૂલ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્શ્યલ સ્કૂલ, રક્ષાશક્તિ સ્કૂલ તથા મોડેલ શાળાઓમાં ધો. ૬માં પ્રવેશ માટે તેમજ જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત કોમન એન્ટ્રન્સ

ટેસ્ટ (CET)નું આયોજન ૩૦ માર્ચના રોજ કરવામાં આવ્યું હતું. CETના મેરીટમાં આવેલા ૭૬ હજાર બાળકો પૈકી ૭૪ હજાર જેટલા બાળકોએ પ્રોજેક્ટ સ્કૂલમાં પ્રવેશ અને સ્કોલરશીપ માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હોવાનું જાણવા મળે છે. રજિસ્ટ્રેશન કરાવેલા બાળકોએ સ્કૂલમાં પ્રવેશ મેળવવો છે કે પછી સ્કોલરશીપ લેવી છે એ માટે ૩૧ ઓગસ્ટથી ચોઈસ ફિલીંગની પ્રક્રિયા શરૂ થવાની હતી, પરંતુ છેલ્લી ઘડીએ આ પ્રક્રિયા મોકૂફ રાખવામાં આવી હોવાનું જાણવા મળે છે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા સરકારી અને ગ્રાન્ટેડ શાળામાં અભ્યાસ કરતાં ગરીબ બાળકો ધોરણ-૬થી ૧૨ સુધી શાળામાં નિઃશુલ્ક ભણી શકે અને કેમ્પસમાં જ રહી શકે એ માટે બે વર્ષ પહેલા રેસિડેન્સિયલ સ્કૂલનો પ્રોજેક્ટ અમલમાં મુક્યો હતો. આ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યમાં કુલ ૭૫ શાળાઓ શરૂ કરવાનું નક્કી કરાયું હતું. જેમાથી ગત વર્ષે ૨૦ શાળાઓ શરૂ થઈ હતી. જોકે આ વર્ષે પસંદ થયેલી ૭૫ પૈકી ૧૭ શાળાઓ સાથે કરાર કરી દેવાયો છે અને ૩ સ્કૂલ સાથે કરાર હજુ બાકી છે. આ ઉપરાંત ચાલુ વર્ષે નવી ૧૦૭ અરજીઓ આવી હતી. જેમાંથી સ્થળ તપાસ હાથ ધર્યા બાદ અને સ્ક્રૂટીની બાદ ૨૩ જેટલી શાળાઓ નક્કી કરાઈ છે.

## ઈન્ટર્ન્સ અને રેસિડેન્ટ્સ તબીબોના સ્ટાઈપેન્ડમાં વધારો સ્ટાઈપેન્ડ વધારાનો હુકમ તા. ૦૧/૦૪/૨૦૨૪ની અસરથી અમલમાં આવશે



ગાંધીનગર,તા.૩

રાજ્ય સરકાર દ્વારા ઈન્ટર્ન્સ અને રેસિડેન્ટ્સ તબીબોના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. તાજેતરમાં ઝ.ૐ.ઝ, સબ ડિસ્ટ્રીક્ટ, ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલના કરાર આધારિત તજજ્ઞ તબીબોના પગાર વધારાના મહત્વપૂર્ણ નિર્ણય બાદ ઈન્ટર્ન્સ અને રેસિડેન્ટ્સ તબીબોના સ્ટાઈપેન્ડમાં વધારો કરવાનો રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્યની ૬ સરકારી અને ૧૩ ય્સ્ઈઈજી (ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી) સંચાલિત મેડિકલ કૉલેજના સ્નાતક અભ્યાસક્રમના ઈન્ટર્ન્સ અને અનુસ્નાતક તેમજ સુપર સ્પેશ્યાલિટી અભ્યાસક્રમના રેસિડેન્ટ્સ તબીબોને મળતા સ્ટાઈપેન્ડના દરમાં વધારો કરવામાં આવ્યો છે. રાજ્યની સરકારી મેડિકલ કૉલેજના મેડીકલ,ડેન્ટલ, ફિઝીયોથેરાપી, હોમિયોપેથી અને આયુર્વેદના સ્નાતક અભ્યાસક્રમના ઈન્ટર્ન્સ, અનુસ્નાતક અને સુપર સ્પેશ્યાલીટી અભ્યાસક્રમના રેસીડન્ટ તબીબોને આ સ્ટાઈપેન્ડના દરમાં થયેલ વધારાનો લાભ મળશે. આ વધારા મુજબ સરકારી મેડિકલ કૉલેજના મેડિકલ ઈન્ટર્ન્સને રૂ. ૨૧,૮૪૦, ડેન્ટલમાં રૂ. ૨૦,૧૬૦, ફિઝીયોથેરાપીમાં રૂ.૧૩,૪૪૦ તેમજ આયુર્વેદ અને હોમિયોપેથીમાં રૂ. ૧૫,૧૨૦ સ્ટાઈપેન્ડ મળશે. ડિગ્રીના મેડિકલ રેસીડેન્ટ્સને પ્રથમ વર્ષમાં રૂ.૧,૦૦,૮૦૦, બીજા વર્ષમાં રૂ.૧,૦૨,૪૮૦, ત્રીજા વર્ષમાં રૂ.૧,૦૫,૦૦૦, ચોથા વર્ષ (સિનિયર રેસીડન્ટ) અને ક્લીનીકલ આસિસટન્ટને રૂ.૧,૧૦,૮૮૦નો લાભ મળશે. સુપર સ્પેશ્યાલિસ્ટ સેવાઓના મેડિકલ રેસીડેન્ટ્સને પ્રથમ વર્ષમાં રૂ.૧,૨૦,૯૬૦, બીજા વર્ષમાં રૂ.૧,૨૬,૦૦૦ અને ત્રીજા વર્ષમાં રૂ.૧,૩૪,૪૦૦ તેમજ ડેન્ટલ રેસીડન્ટ(ડિગ્રી)માં પ્રથમ વર્ષમાં રૂ.૭૮,૯૬૦, બીજા વર્ષમાં રૂ.૮૧,૪૮૦, ત્રીજા વર્ષમાં રૂ.૮૩,૪૯૬, ફિઝીયોથેરાપી (ડિગ્રી)માં પ્રથમ વર્ષમાં રૂ.૩૫,૨૮૦ અને બીજા વર્ષમાં રૂ.૪૩,૬૮૦ ચૂકવવામાં આવશે. મેડિકલ રેસીડન્ટ(ડિપ્લોમાં)ને પ્રથમ વર્ષમાં રૂ.૭૫,૬૦૦ અને બીજા વર્ષમાં રૂ.૮૨,૩૨૦ સ્ટાઈપેન્ડ ચૂકવાશે.

# પાકિસ્તાને આમંત્રણ ભલે આપ્યું, પણ તેની સાથે વાતચીતનો સમય હવે પૂરો થયો : એસ જયશંકર

નવી દિલ્હી, તા.૩

પાકિસ્તાન આગામી ૧૫ અને ૧૬ ઓક્ટોબરે જીર્ઝ કોન્ફરન્સ યોજવા જઈ રહ્યું છે. પાકિસ્તાન સરકારે ઈસ્લામાબાદમાં યોજાનારી આ કોન્ફરન્સમાં હાજરી આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ મોકલ્યું છે, પરંતુ બીજી તરફ વિદેશ મંત્રી એસ. આજે જયશંકરે પાકિસ્તાનને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધુ છે. એસ. જયશંકરે કહ્યું કે પાકિસ્તાન સાથે વાતચીતનો યુગ હવે સમાપ્ત થઈ ગયો છે. રાજધાની દિલ્હીમાં એક પુસ્તક વિમોચન સમારોહ દરમિયાન વિદેશ મંત્રી એસ. જયશંકરે આ નિવેદન આપ્યું છે.

આ દરમ્યાન વિદેશ મંત્રી એસ. જયશંકરે એમ પણ કહ્યું કે દરેક વસ્તુનો એક સમય હોય છે, દરેક કામ વહેલા-મોડા તેના અંત સુધી પહોંચે છે. જ્યાં સુધી જમ્મુ અને કાશ્મીરની વાત છે, ત્યાં હવે કલમ ૩૭૦ નાબૂદ કરવામાં આવી છે. તેનો અર્થ એ કે મુદ્દો જાતે જ હવે સમાપ્ત થઈ ગયો છે. તેમણે કહ્યું કે હવે આપણે શા માટે પાકિસ્તાન સાથે કોઈ સંબંધ પર વિચાર કરીએ. આ દરમિયાન જ્યારે વિદેશ મંત્રીને પૂછવામાં આવ્યું કે, પાકિસ્તાન સાથે ભારત કેવા સંબંધો પર વિચાર કરી શકે છે? આ પ્રશ્નનો જવાબ આપતાં એસ. જયશંકરે કહ્યું- હું જે કહેવા માંગુ છું તે સ્પષ્ટ છે. તેમણે કહ્યું કે અમે નિષ્ક્રિય નથી. પાકિસ્તાન સાથેની ઘટનાઓ સકારાત્મક હોય કે નકારાત્મક દિશા, અમે કોઈપણ પરિસ્થિતિમાં જવાબ આપવા માટે તૈયાર છીએ. પાકિસ્તાને યોગ્ય વલણ બતાવવું પડશે.

આ પહેલા પણ વિદેશ મંત્રીએ મંત્રણાના મુદ્દે મે મહિનામાં સીઆઈઆઈની બેઠકમાં કહ્યું હતું કે, પહેલા પાકિસ્તાને સીમા પારના આતંકવાદને સમર્થન આપવાનું બંધ કરવું પડશે. સ્વાભાવિક રીતે જ ભારત-પાકિસ્તાન સંબંધો અંગે એસ. જયશંકરનું વલણ સ્પષ્ટ છે. તેમણે વારંવાર એ વાત પર ભાર મૂક્યો છે કે આતંકવાદ સામે ભારતની નીતિ ઝીરો ટોલરન્સની રહી છે. તેમણે એમ પણ કહ્યું કે પાકિસ્તાને પહેલા પોતાની છબી સુધારવી જોઈએ. પ્રથમ તેઓએ આ બાબતે તેમનું મન બનાવવું પડશે. બાંગ્લાદેશ અંગે વિદેશ મંત્રી ડૉ.એસ.જયશંકરે કહ્યું કે, અમે ત્યાંની તત્કાલીન સરકાર સાથે વ્યવહાર કરવા સક્ષમ છીએ. જો કે, તેમણે એમ પણ કહ્યું કે આપણે સ્વીકારવું પડશે કે ત્યાં હવે સત્તા પરિવર્તન થયું છે. સંભવ છે કે તેઓ વિક્ષેપકારક હોઈ શકે પરંતુ આપણે અહીં પણ પરસ્પર રહેવાની જરૂર છે. અમે સ્થિતિ ઉપર નજર રાખી રહ્યા છીએ.

# રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં 'બુલડોઝર જસ્ટિસ'ને પડકારતી અરજીઓ ઉપર સુપ્રીમ કોર્ટ સુનાવણી કરશે

નવી દિલ્હી તા.૩

બુલડોઝર જસ્ટિસ ઉપર પ્રતિબંધ મૂકવાનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. જમિયત ઉલેમા-એ-હિંદે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને આરોપીઓના ઘરો ઉપર બુલડોઝર ચલાવતી સરકારો ઉપર પ્રતિબંધ લગાવવાની માંગ કરી છે. અરજીમાં યુપી, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં બુલડોઝિંગની તાજેતરની ઘટનાઓ ટાંકવામાં આવી છે. લઘુમતી સમુદાયને નિશાન બનાવવાનો આરોપ પણ લગાવવામાં આવ્યો છે. વરિષ્ઠ વકીલ દુષ્યંત દવેએ આ અરજી ઉપર વહેલી સુનાવણીની માંગ કરી છે. આ અરજી જહાંગીર પુરી કેસમાં જ વકીલ ફારૂખ રાશિદે દાખલ કરી છે. સુપ્રીમ કોર્ટ આ મામલે ૨ સપ્ટેમ્બરે સુનાવણી કરશે. આ મામલો જસ્ટિસ બી.આર. ગવઈની બેંચ સુધી પહોંચ્યો છે. આવેદનમાં કહેવામાં આવ્યું છે કે, સમાજના હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકો, ખાસ કરીને લઘુમતીઓ સામે જુલમ અને આતંકનું ચક્ર ઊભું કરવા માટે રાજ્ય સરકારો તેમના ઘરો અને મિલકતો ઉપર બુલડોઝરના ઉપયોગને પ્રોત્સાહન આપી રહી છે, તેના બદલે તેઓ તરત જ તેમને સજા આપવા માટે બુલડોઝરનો ઉપયોગ કરે છે. તાજેતરમાં આ વર્ષે ફેબ્રુઆરીમાં એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ દ્વારા બહાર




પાડવામાં આવેલા એક અહેવાલમાં એપ્રિલ ૨૦૨૨થી જૂન વચ્ચે દિલ્હી, આસામ, ગુજરાત, મધ્યપ્રદેશ અને યુપીમાં સાંપ્રદાયિક હિંસાની ઘટનાઓ પછી બુલડોઝરનો ઉપયોગ કરીને ૧૨૮ મિલકતોને તોડી પાડવામાં આવી હતી. અરજીમાં કહેવામાં આવ્યું છે કે, આ વર્ષે મે મહિનામાં મધ્યપ્રદેશમાં એક આરોપીના પિતાની સંપત્તિ ઉપર બુલડોઝર ચલાવવામાં આવ્યું હતું, તે પણ ઘટનાના થોડા કલાકોમાં એટલે કે કાયદાકીય પ્રક્રિયા શરૂ થાય તે પહેલા. એ જ રીતે મુરાદાબાદ અને બરેલીમાં ૨૨ અને બર૬ જૂને બે એફઆઈઆરમાં નામ આપવામાં આવેલા આરોપીઓની છ મિલકતો પર બુલડોઝરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

# વડા પ્રધાનની સોલાર યોજનાને કોના પાપે નિષ્ફળ કરવાનો પ્લાન થઈ રહયો છે?

## માણાવદર પંથકમાં સોલાર ફીટ થયા પછી મીટરો ત્રણ ત્રણ મહિનાથી લગાડવામાં આવતા નથી

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા. ૩

માણાવદર પંથક જ નહિં સમગ્ર દેશમાં પીએમ સુર્યઘર યોજના કે જે શ્રી મોદીજી દ્વારા આમ જનતાના હિતમાં ઘરે ઘરે સોલાર પ્લાન લગાવી વીજબીલમાં રાહત મળી શકે તેવા હેતુથી સાકાર થઈ રહી છે. આ યોજના ખરેખર અતિ સારી અને સફળ થઈ છે. આ યોજના હેઠળ સમગ્ર ગુજરાત અને દેશમાં સારી સબસીડીથી વધુમાં વધુ લોકો આ યોજનાનો લાભ લઈ રહયા છે. પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સોલાર યોજના કોના પાપે નિષ્ફળ બનાવવાનો ભયાનક પ્લાન થઈ રહયો છે? તે પ્રશ્ન પ્રજાજનો કરી રહયા છે. અને જનતાની ફરીયાદો ઉઠી છે કે આ યોજનામાં ત્રણથી ચાર દિવસમાં અરજીઓ થઈ જા છે, અુપ્રુવલ થઈ જાય છે અને ફીટ પણ થઈ જાય છે. પરંતુ આ સોલારના મીટરો ત્રણ ત્રણ મહિનાથી ગ્રાહકોને ત્યાં લગાડવામાં આવતા નથી. આ સોલાર યોજના લેવા માટે અરજી એપ્રુવલ થઈ જાય તે સાથે રોકડા કે ચેકથી રૂપિયા ભરવા પડે છે. તેમાં લોન સુવિધા હોય તે પણ થઈ જાય છે. હવે આ યોજના એપ્રુવલ થઈ જાય તેમાં સોલાર મીટર ન હોવાના ગાણાં વીજ તંત્રના અધિકારીઓ ગાઈ રહયા છે.

જીલ્લાકક્ષાએથી એવું કહેવામાં આવે છે કે અમો મીટરો આપીએ છીએ પરંતુ તાલુકા કક્ષાએ તેની સોર્ટેજ બતાવી ગ્રાહકોને હેરાન કરાય છે. આમ કોના પપે આ યોજના નિષ્ફળ થાય તેવું કૃત્ય કરવામાં આવી રહયું છે? ત્યારે બીજી બાજુ અનેક લાગતા વળગતાઓને સોલાર મીટરો અગાઉ ફટ થઈ ગયાની જબરી ચર્ચા પણ લોકમુખે થઈ રહી છે. આ બાબતે તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે કે ખરેખર મીટર કયાં જાય છે? તેવા પ્રશ્નો લોકોમાં ચર્ચાઈ રહયા છે. ત્યારે ખરેખર મીટરો ફીટ ના થયા હોય તો તે દરમ્યાનના બીલો માફ કરો અથવા મીટરો ફીટ કરવામાં આવે તેવી લોકમાંગણી ઉઠવા પામી છે.

# રાજકોટમાં વરસાદની નુકસાનીનો સર્વે ત્વરીત પૂર્ણ કરીને અસરગ્રસ્તોને તાકીદે સહાય ચૂકવવા જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીનો આદેશ

## રવિવારે રજાના દિવસે પણ ઓફિસ ચાલુ રાખીને સર્વે-સહાય ચૂકવણીની કામગીરી કરવા આદેશ



(પ્રતિનીધિ દ્વારા)

રાજકોટ તા.૩

રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમની સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. જેમાં ભારે વરસાદના લીધે થયેલી નુકસાનીનો સર્વે તેમજ સહાયની ચૂકવણીની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ બાકી રહેલી સર્વેની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરીને અસરગ્રસ્તોને સહાયની ચૂકવણી તાત્કાલિક કરવા ફરમાન કર્યું હતું. વરસાદની આપદાને ભૂલીને જનજીવન પુનઃ ધબકતું અને સામાન્ય થઈ જાય તે માટે જિલ્લાના વહીવટી તંત્રે ગતિશીલતા અને સજ્જતા કેળવીને સત્વરે કામગીરી પૂર્ણ કરવા જણાવ્યું હતું. આ સાથે કોઈપણ અસરગ્રસ્ત સહાય વિહોણો ના રહી જાય તે જોવા જણાવ્યું હતું. એટલું જ નહીં, સર્વે તેમજ સહાયની ચૂકવણી માટે જરૂર પડ્યે રવિવારે રજાના દિવસે પણ ઓફિસ ચાલુ રાખીને કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી. આ બેઠકમાં જણાવાયું હતું કે, ગોંડલમાં ૫૬૧ અસરગ્રસ્તોમાંથી ૨૯૭ લોકોને કેશડોલ્સ ચૂકવી દેવાયા છે અને બાકીનાને આજ રાત સુધીમાં ચૂકવી દેવાશે. ઉપરાંત જેતપુરમાં ૪૦, જસદણમાં ૮૮ અસરગ્રસ્તોને કેશડોલ્સ ચુકવાઈ ગયા છે અને બાકીના અસરગ્રસ્તોને પણ સત્વરે ચૂકવાઈ જશે. રાજકોટ તાલુકામાં ઘરવખરી નુકસાનના ૩૪ કિસ્સામાં સહાય ચૂકવી દેવામાં આવી છે. શાપર વેરાવળ તેમજ પારડીના વિસ્તારોમાં જઈને કાચા ઝૂંપડાને થયેલા નુકસાન શોધીને અસરગ્રસ્તોને સહાય આપવા સૂચના આપવામાં આવી હતી. જિલ્લામાં વિવિધ વિસ્તારોમાં આંશિક પાકા, આંશિક કાચા મકાનોને નુકસાનીનો સર્વે તેમજ સહાય ચૂકવણીની કામગીરી ખૂબ જ ગતિમાં હોવાનું જણાવાયું હતું. રાજકોટ સિટી પ્રાંત-૧ વિસ્તારમાં અસરગ્રસ્તોનો સર્વે થઈ ગયો હોવાનું અને ૫૦૭ લોકોને સહાયની ચૂકવણી ગતિમાન હોવાનું જણાવાયું હતું. લલ્લુડી વોકળીમાં ઘરવખરીને થયેલી નુકસાનીનો સર્વે હાલ ચાલુ છે. ગોંડલ તાલુકામાં મકાન નુકસાનીનો સર્વે કરીને ૨૮ કિસ્સામાં સહાય પણ ચૂકવી દેવામાં આવી છે. જેની કલેક્ટર દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી અને કામગીરી કરનારા સ્ટાફને બિરદાવ્યા હતા. ઉપરાંત જિલ્લામાં પશુમૃત્યુ, કેટલશેડ સહિતની અન્ય નુકસાનની સર્વે પૂર્ણ કરીને સહાય ચૂકવણી ત્વરિત ઝડપે કરવા કલેક્ટરએ ફરમાન કર્યું હતું. રાજકોટ જિલ્લામાં રાજ્ય માર્ગ મકાન વિભાગ હસ્તકના ૧૧ માર્ગોમાંથી આઠ હાલ ચાલુ થઈ ગયા છે અને ત્રણ માર્ગ પર કામ ચાલુ હોવાથી ડાઈવર્ઝન આપીને ચાલુ કરી દેવાયા છે. આ સાથે ત્રણ રોડમાં ખાડા તેમજ અન્ય નુકસાનીનું સમારકામ પૂર્ણ કરી દેવાયું છે, જ્યારે ૪૦ જેટલા રોડમાં રિપેરિંગ કામ તેજગતિએ ચાલી રહ્યું છે. ભારે વરસાદમાં રાજકોટ જિલ્લામાં માર્ગ અને મકાન-પંચાયત વિભાગના ૬૫ રોડ બંધ થયા હતા. જો કે હવે તેમાંથી ૪૫ રોડ ચાલુ થઈ ગયા છે. જ્યારે ૨૦ રોડ શરૂ કરવાની કામગીરી વેગવાન છે. જામનગર હાઈવે પર થયેલી નુકસાનીના રિપેરિંગની પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે.

# અદાણી એનર્જી સોલ્યુશન્સએ ખાવડામાં ૭ GW રિન્યુએબલ એનર્જી ઈવેક્યુએશન ટ્રાન્સમિશન નેટવર્કનો પ્રોજેક્ટ હાંસલ કર્યો

અમદાવાદ, તા.૩

ભારતની સૌથી મોટી ખાનગી ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન કંપની અને વૈશ્વિક સ્તરે વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોના એક અંગ અદાણી એનર્જી સોલ્યુશન્સ લિમિટેડ (AESL)yu REC પાવર ડેવલપમેન્ટ એન્ડ કન્સલ્ટન્સી લિ.પાસેથી ઈરાદા પત્ર (LOI) પ્રાપ્ત કર્યા બાદ ખાવડા ફેઝ-IV ભાગ-A ટ્રાન્સમિશન પ્રોજેક્ટનું SPV સંપાદન પૂર્ણ કર્યું છે તેવું જણાવ્યું હતું. ભારતના ઉર્જા ક્રાંતિમાં અગ્રેસર તરીકે આ પ્રોજેક્ટનો એવોર્ડ AESL ની સ્થિતિને વધુ મોટી બનાવવા સાથે ભારતમાં ખાનગી ક્ષેત્રના સૌથી મોટા ટ્રાન્સમિશન કંપની તરીકે ઊભરી આવે છે.

ખાવડા રિન્યુએબલએનર્જી પાર્કમાંથી ૭ GW રિન્યુએબલ એનર્જીના ઈવેક્યુએશન માટે RECPDCL દ્વારા આ પ્રોજેક્ટને અમલમાં મૂકવા માટે સ્થાપવામાં આવેલ સ્પેશિયલ પર્પઝ વેહીકલ ખાવડા IVA પાવર ટ્રાન્સમિશન લિમિટેડ અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ.(AESL) દ્વારા હસ્તગત કરવામાં આવી છે. નેશનલ ગ્રીડનો ભાગ ખાવડા IVA ટ્રાન્સમિશન લાઈન ગુજરાતના ખાવડાથી લાકડિયા ખાવડાથી ભુજ ૭૬૫ kV ડબલ સર્કિટ બન્ને લાઈનને જોડીને ૪,૫૦૦ MVA ની ટ્રાન્સફોર્મેશન ક્ષમતા સ્થાપિત કરી ૭ GW રિન્યુએબલ એનર્જી આગળ લઈ જવામાં મદદ કરશે. વિશ્વનો સૌથી મોટો ૩૦ ગીગાવોટની ઉત્પાદન ક્ષમતા સાથેનો ખાવડા રિન્યુએબલ એનર્જી પાર્ક, વાતાવરણને સ્વચ્છ બનાવવા માટેની ડીકાર્બોનાઈઝેશનની ભારતના ઉદ્દેશમાં યોગદાન આપશે. AESLને અપાયેલ આ પ્રોજેક્ટ સ્વચ્છ ઉર્જા ટ્રાન્સમીટ કરવા માટે જરૂરી ક્રિટિકલ ટ્રાન્સમિશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ બનાવે છે.ભારતના નેટ ઝીરો તરફ લઈ જવામાં અદાણી ગ્રૂપનોખાવડાનો આ પ્રોજેક્ટ સીમાચિન્હ રૂપ બની રહશે. AESL™uટેરિફ-આધારિતસ્પર્ધાત્મકબિડિંગ (TBCB) પ્રક્રિયા મારફત આપવામાં આવેલ આ પ્રોજેક્ટBOOT (બિલ્ડ, ઓન ઓપરેટ અને ટ્રાન્સફર) ધોરણે આગામી ૨૪ મહિનામાં કાર્યાન્વિત કરાશે અને ૩૫ વર્ષ સુધી તેનું સંચાલન કરશે.

આ ટ્રાન્સમિશન પ્રોજેક્ટ બનાવવા માટે અદાણી ગ્રુપ ૪,૦૯૧ કરોડનું રોકાણ કરશે. આ પ્રોજેક્ટમાં ૩૦૦ MVAr STATCOM અને ૩x૧૫૦૦ MVA, ૧x૩૩૦ MVAr, ૭૬૫ kV અને ૧x૧૨૫ MVAr, ૪૨૦ kV બસ રિએક્ટર સાથે ૭૬૫/૪૦૦ kV ઈન્ટર-કનેક્ટિંગ ટ્રાન્સફોર્મર (ICTs) ની સુવિધાનો પણ સમાવેશ થાય છે. કંપનીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર કંદર્પ પટેલે જણાવ્યું હતું કે, વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પાર્ક માટે ખાવડા પાવર ઈવેક્યુએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરની તાતી જરૂર છે જે માત્ર વિશ્વકક્ષાની જ નહીં પણ હાલની પરિસ્થિત અનુસાર છે અને ભવિષ્ય માટે પણ સજ્જ છે. આ રોકાણ ફકત ખાવડામાં આવનાર સમયમાં જનરેટ થનાર ૩૦ ગીગાવોટ હરીત ઉર્જાના ઈવેક્યુએશન માટે ટ્રાન્સમિશન નેટવર્ક જ સ્થાપિત નહીં કરે પણ ગ્રીડ સ્થિરતા પણ પ્રદાન કરશે. દેશ માટે આ પહેલનો ભાગ બનવાનું AESLને ગૌરવ છે. કારણ કે આ નેટવર્ક રાષ્ટ્રીય ગ્રીડમાં હરીત ઉર્જાના નિરંતર પ્રવાહ માટે ખૂબ જ મહત્વની ભૂમિકા અદા કરી ભારતના નેટ ઝીરો ઉદ્દેશને પ્રોત્સાહન આપશે એમ તેમણે કહ્યું હતું.

# જૂનાગઢમાં શીંદે પરિવાર દ્વારા ૩૫ માં ગણેશોત્સવની ધામધુમથી ઉજવણી કરાશે

જૂનાગઢ તા. ૩

દર વર્ષની જેમ આ વર્ષે પણ વડીલોના આશીર્વાદથી, બાળકોના પ્રેમથી અને મિત્ર મંડળના સાથ સહકારથી જૂનાગઢના શીંદે પરિવાર ગણપતિ બાપાની સ્થાપનાનો ૩૫ મો ઉત્સવ ધામધુમથી તેમજ હર્ષોલ્લાસથી ઉજવણી કરવામાં આવનાર છે. તા.૭-૯-૨૪ ને શનિવારે સવારે ૧૧ કલાકે ચિત્તાખાના ચોક, જનતાદળના ડેલા ખાતે ગણેશજીની સ્થાપના કરવામાં આવશે. તા.૧૦-૯-૨૪ ને મંગળવારે સાંજે ૬ કલાકે સત્યનારાયણ ભગવાનની કથા રાખેલ છે. ઉત્સવની પુર્ણાહુતિ તા.૧૧-૯-૨૪ ને બુધવારે સાંજે ૪ કલાકે થશે.

આ પ્રસંગે આમંત્રીત મહેમાનોમાં જૂનાગઢ બાર એસો.ના પ્રમુખ જયદેવભાઈ જોષી, સરકારી વકીલ નિરવભાઈ પુરોહીત, બાર કાઉન્સીલના વાઈસ ચેરમેન મુકેશભાઈ કામદાર તથા એડવોકેટ એન.ડી. મોરી ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગનો આયોજીત કરવામાં જૂનાગઢના જાણીતા ડો.ડી.પી. ચિખલીયા, સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના તંત્રી અભિજીત ઉપાધ્યાય, આલ્ફા સ્કુલના જી.પી. કાઠી, નલબ સ્કુલના શ્રી પંડયા, એડવોકેટ જેરામભાઈ ધમાણી, ડો.બૂચ, પ્રદિપભાઈ ખીમાણી, જેઠાભાઈ પાનેરા, મિલનભાઈ અપારનાથી વગેરેનો સહયોગ સાંપડેલ છે.

આ ગણેશોત્સવમાં ધર્મપ્રેમી જનતાને સહપરિવાર તથા મિત્રમંડળ સહિત દર્શન કરવા પધારવા શીંદે પરિવારના શંકરરાવ શીંદે, અનીલભાઈ શીંદે, સુનીલ શીંદે (એડવોકેટ), રાજેશભાઈ શીંદે, પ્રદિપભાઈ શીંદે, કપીલભાઈ શીંદે દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# વાલ્મિકી સમાજના ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે દિલીપ મકવાણાની નિમણૂંક કરાઈ

જૂનાગઢ તા. ૩

અખિલ ભારતીય વાલ્મિકી સમાજ વિકાસ પરિષદ, ગુજરાત પ્રદેશ દિપકભાઈ મકવાણાની અખિલ ભારતીય વાલ્મીકી સમાજ વિકાસ પરિષદ, ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તરીકે નિમણૂંક કરવામાં આવી છે. જેમાં ચાર ઉપપ્રમુખ, ચાર મંત્રી, ખજાનચી, સંગઠન મંત્રી, પ્રવકતા, કાર્યાલય મંત્રી, સાત કારોબારી સભ્યની પણ વરણી કરવામાં આવી છે.

ગુજરાત પ્રદેશ પ્રમુખ દિપકભાઈ મકવાણાએ વાલ્મીકી સમાજના સામાજીક સંગઠન, વ્યસનમુક્તિ, કુરિવાજ દુર કરવા, અંધશ્રધ્ધા દુર કરવા, નવયુવાન શિક્ષણનો વિકાસ વધારવા, વાલ્મીકી સમાજમાં સામાજીક જાગૃતિ, નવચેતના શિક્ષણની જયોત પ્રગટાવવામાં, શૈક્ષણિક, આધ્યાત્મિક અને આર્થિક વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેશે તેવો વિશ્વાસ આપેલ છે.

# અરણીયાળા ગામનાં આશાસ્પદ યુવાનનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ



મેંદરડા તા. ૩

અરણીયાળા ગામના ૨૫ વર્ષીય આશાસ્પદ યુવાન બંસીલ ઈલેશભાઈ પાઘડારનું ખામધ્રોળ ચોકડીથી ધોરાજી ચોકડી વચ્ચે બાઈક અને ફોરવ્હીલ અથડાતા ઘટના સ્થળે મૃત્યુ નીપજેલ હતું. બંસીલ જૂનાગઢ જીલ્લા યુવા ભાજપમાં તેમજ આધાર ચેરીટેબલ ટ્રસ્ટમાં પ્રમુખ હતા. તેમના પિતા ઈલેશભાઈ અરણિયાળા ગામે પટેલ સમાજમાં સારૂં એવું પ્રભુત્વ ધરાવે છે. એકના એક દિકરાનું અકાળે આકસ્મિક મૃત્યુ થતાં સમગ્ર પાઘડાર પરિવાર તથા ગ્રામજનોમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# ભાણવડના આસામીને લોન આપવાના બહાને ઓટીપી મેળવીને છેતરપિંડી કરનારા અમદાવાદના વધુ એક શખ્સને સાયબર સેલ પોલીસે દબોચી લીધો

## રૂા. સવા બે લાખનો મુદ્દામાલ કબજે : અન્ય એક રાજકોટનો આરોપી પણ ઝડપાયો હતો




જામ ખંભાળિયા, તા. ૩

ભાણવડમાં રહેતા એક આસામી પાસેથી ફાઈનાન્સ કાર્ડનો ઓટીપી મેળવીને છેતરપિંડી કરવા સબબ અગાઉ ઝડપાયેલા રાજકોટના એક આરોપી બાદ જિલ્લા સાયબર સેલ પોલીસે અમદાવાદના વધુ એક શખ્સને ઝડપી લીધો હતો.

આ સમગ્ર બનાવની વિગત એવી છે કે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ પંથકમાં રહેતા એક આસામીને ફોન ઉપર બજાજ ફાઈનાન્સ કાર્ડ પર લોન આપવાની વાત કરી અને ઓ.ટી.પી. મેળવી લીધા બાદ જુદી જુદી ચીજ વસ્તુઓની ખરીદી તેના કાર્ડ ઉપર થઈ ગઈ હોવાથી આ અંગે જે-તે આસામી દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાના સાયબર ક્રાઈમ પોલીસ સમક્ષ ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

આ બનાવ સંદર્ભે દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરીને આ પ્રકરણમાં રાજકોટના ભાવનગર રોડ ઉપર રહેતા સાગર દિનેશ સોલંકી નામના ૨૪ વર્ષના શખ્સની અટકાયત કરી લેવામાં આવી હતી. આ અંગેની પોલીસ દ્વારા કરવામાં આવેલી વધુ ઊંડાણપૂર્વકની તપાસ દરમિયાન અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં લીમડી ચોક ખાતે રહેતા મોહમદ અલમાસ મોહમ્મદ સલીમ શેખ નામના ૨૬ વર્ષના શખ્સને પણ પોલીસે ઝડપી લીધો હતો.

આ પ્રકરણ સંદર્ભે પોલીસની પૂછતાછમાં બી.કોમ. સુધી ભણેલા આરોપી મોહમ્મદ અલમાસ શેખ કે જે અમદાવાદ ખાતે રહી અને રેડીમેઈડ કપડાનો વ્યવસાય કરે છે. તેના દ્વારા ઉપરોક્ત ગુના સંદર્ભે અગાઉ પકડાયેલા સાગર સોલંકી બજાજ ફાઈનાન્સના કાર્ડ ઉપર લોન કરાવી આપવાની જાહેરાત મૂકી અને લોન કંપનીના એજન્ટ તરીકે લોકોને વિશ્વાસમાં લેતા હતા. તેના દ્વારા ભોગ બનનાર વ્યક્તિઓ પાસેથી બજાજ કાર્ડની માહિતી તેમજ પાસવર્ડ મેળવીને આ ઓટીપી અમદાવાદ રહેતા મોહમ્મદ અલમાસ મોહમ્મદ સલીમને મોકલી આપવામાં આવતો હતો અને આ ઓટીપીના આધારે તે બજાજના કાર્ડ ઉપર લોન કરાવીને એસી, લેપટોપ, મોબાઈલ ફોન જેવી ઈલેક્ટ્રોનિક ચીજ વસ્તુઓની ખરીદી કરતો હતો. આ ચીજ વસ્તુઓ તે અન્ય જગ્યાએ વહેંચી અને નફો મેળવી અનેક લોકોને સીસામાં ઉતાર્યા હોવાની કબુલાત તેના દ્વારા પોલીસ સમક્ષ આપવામાં આવી હતી.


આ પ્રકરણમાં પોલીસે આરોપી પાસેથી રૂા.૮૨,૮૧૮ ની કિંમતના બે એસી, રૂા.૧.૨૦ લાખની કિંમતના બે લેપટોપ તેમજ ૨૩,૦૯૭ ની કિંમતનો એક મોબાઈલ ફોન પણ કબજે કર્યો છે.

આમ, આ સમગ્ર ચીટિંગના નેટવર્કનો પર્દાફાશ કરવા માટે જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ સાયબર ક્રાઈમ પી.આઈ. ડી.એચ. ભટ્ટ, પી.એસ.આઈ. એન.એસ. ગોહિલ, હેડ કોન્સ્ટેબલ ભરતભાઈ ચાવડા, હેમંતભાઈ કરમુર, પબુભાઈ ગઢવી, મુકેશભાઈ કેસરિયા, મુકેશભાઈ નંદાણીયા તેમજ દિવ્યરાજસિંહ ઝાલા દ્વારા કરવામાં આવી હતી. કોઈપણ વ્યક્તિને ઓ.ટી.પી. જેવા પર્સનલ ડેટા ફોન ઉપર શેર ન કરવા તેમજ જરૂર પડ્યે ખરાઈ કરીને જ આ પ્રકારના આર્થિક વ્યવહાર કરવા જાગૃત રહેવા માટે જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા આમ જનતાને અપીલ કરવામાં આવી છે.

# સૌરાષ્ટ્રના પુરઅસરગ્રસ્તોની ભોજન વિતરણની સેવામાં "રાજકોટની બોલબાલા સેવા સંસ્થા"ની બોલબાલા

## ૭ દિવસમાં રાજકોટ સહિત જામનગર, જૂનાગઢ, ગોંડલ વિસ્તારોના ૭૦ હજાર લોકોને ભોજન વિતરણ કરાયું







(પ્રતિનિધિ દ્વારા)


રાજકોટ તા. ૩

રાજકોટ જિલ્લામાં અતિ ભારે વરસાદને કારણે અનેક લોકો આકસ્મિક પરિસ્થિતિનો ભોગ બન્યા હતા, અનેક ઘરોમાં પાણી ભરાયા તો હજારો લોકોને આશ્રયસ્થાનોમાં સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. આ સમયે રાજકોટની બોલબાલા સેવા સંસ્થાએ આ તમામ અસરગ્રસ્તોની અન્નપૂર્ણા બની માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યું છે. રાજકોટની બોલબાલા સેવા સંસ્થા વર્ષોથી જરૂરિયાતમંદોને ભોજન પૂરૂ પાડી રહી છે. અન્નદાન પ્રોજેક્ટ હેઠળ બોલબાલા ટ્રસ્ટ દ્વારા હરતું ફરતું અન્નક્ષેત્ર ચલાવવામાં આવે છે. જેમાં દરરોજ રાજકોટ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં વસતા હજારો જરૂરિયાતમંદોને નિઃશુલ્ક ભોજન વિતરણની સેવા કરવામાં આવે છે. અતિવૃષ્ટિના સમયમાં પણ સંસ્થા દ્વારા રોજના ૧૦,૦૦૦ જેટલા લોકોને ભોજન વિતરણ કરવામાં આવી રહ્યું હતું. સંસ્થા દ્વારા આશ્રયસ્થાનોમાં, લોકમેળામાં, પાણી ભરાયેલ નીચાણવાળા વિસ્તારોમાં તેમજ ઝુંપડપટ્ટી વિસ્તારમાં થેપલા, સૂકીભાજી ઉપરાંત રોટલી, શાક, દાળ, ભાત સહિતનું ગરમ ભોજન પહોંચાડવામાં આવી રહ્યું હતું. સંસ્થાના સ્વયંસેવક સંગીતાબેન ઝાપડિયા કહે છે કે, સામાન્ય દિવસોમાં સંસ્થા દ્વારા રોજ ૫૦૦૦થી વધુ લોકોને ભોજન વિતરીત કરવામાં આવે છે, જેમાં ભારે વરસાદની સ્થિતિ વખતે સંસ્થાના ૨૦૦ જેટલા સ્વયંસેવકો- આગેવાનો સૌએ સાથે મળીને રાજકોટ ઉપરાંત જામનગર, જુનાગઢ અને ગોંડલ વિસ્તારોના કુલ ૭૦,૦૦૦ લોકોને ભોજન વિતરિત કર્યું છે. બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા "જરૂરિયાત મંદને અન્ન" તે જ મંત્રને ધ્યાન રાખીને સેવા કરવામાં આવી રહી છે. ટ્રસ્ટ દ્વારા અન્નદાન ઉપરાંત મેડિકલ સાધન સેવા કેન્દ્ર પણ ચલાવવામાં આવે છે. આ કેન્દ્ર દ્વારા જરૂરિયાતમંદ લોકોને મેડિકલ બેડ, કાંખ ઘોડી, વ્હીલ ચેર, ઓક્સિજનના બાટલા જેવા ૩૨ પ્રકારના વિવિધ મેડિકલ સાધનો અતિ રાહત દરે પૂરા પાડવામાં આવે છે. બોલબાલા સંસ્થા દ્વારા સતત સાત દિવસ સુધી ગરમ ભોજન સાથે અનેક વિસ્તારોમાં બુંદી, ગાંઠિયા, લાડુ, કોરા નાસ્તા સાથેના ફુડ પેકેટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. જેમાં રોજના અંદાજે બે થી અઢી હજાર ફૂડ પેકેટ વિતરીત કરવામાં આવ્યા હતા. બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટમાં પુર અસરગ્રસ્તોની મદદ માટે વરિષ્ઠ નાગરિક એવા અનેક વૃદ્ધોએ પણ ભોજન બનાવવાથી લઈ વિતરણ કરવા સુધી વિવિધ તબક્કે સેવા આપી હતી. આમ, મુશ્કેલીના આ સમયમાં બોલબાલા ટ્રસ્ટે તંત્ર સાથે સહકાર સાધી અનેક લોકો સુધી અન્ન પહોંચાડી "માનવસેવા એ જ પ્રભુ સેવા" ના મંત્રને ચરિતાર્થ કર્યો હતો.

# ગેરવહીવટનો ભોગ બનેલા જૂનાગઢ જીમખાનાનો કબ્જો કલેકટરે લઈ લીધો : જુની કમિટી ઘરભેગી







## જૂનાગઢ જીમખાનામાં ૨૦૧૮ થી કોઈ ચૂંટણી જ થઈ નથી : લોલમલોલ મનસ્વી વહીવટ ચલાવાતો હતો : કલેકટરશ્રીને અનેક ફરિયાદો મળી હતી

જૂનાગઢ તા.૩

જૂનાગઢ શહેરના હૃદય સમા વિસ્તાર સરદારચોક, ટાઉનહોલ નજીક આવેલ જૂનાગઢ જીમખાનાની ઈમારતનો જીલ્લા કલેકટરશ્રીએ આજે એક તાકીદની કાર્યવાહી દ્વારા આજે કબ્જો સંભાળી લઈ ઈમારતને સીલ કરી દેતાં આ મુદો સમગ્ર શહેરમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

કલેકટરશ્રીના આદેશથી જૂનાગઢ પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલે જૂનાગઢ જીમખાનાની ઈમારતનો કબ્જો સંભાળી લીધો છે. જે અંગેની નોટિસ જૂનાગઢ શહેર મામલતદાર અને સીટી સર્વે સુપ્રિન્ડેન્ટ જૂનાગઢની સહી થી આજે તા.૩-૯-૨૦૨૪ના રોજ જૂનાગઢ જીમખાનાની ઈમારત જે સીટી સર્વે નં.૯૭૨, વોર્ડ નં.૮ સીટી સર્વે સીટ નં.૩૮ વાળી મિલ્કતનો કબ્જો શ્રીસરકાર પક્ષે લેવામાં આવેલ છે.તેથી સદર મિલ્કતમાં પરવાનગી સિવાય કોઈએ પ્રવેશ કરવો નહીં અને બિનઅધિકૃત પ્રવેશ કરનાર પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવું નોટિસમાં જણાવાયું છે. આ સાથે પ્રાંત અધિકારી જૂનાગઢે જીમખાનાની ઈમારતનો કબ્જો લેવા માટે મામલતદારશ્રી જૂનાગઢ શહેર (અધ્યક્ષ), સીટી સર્વે સુપ્રિ. જૂનાગઢ (સહઅધ્યક્ષ), જીલ્લા રમત ગમત અધિકારી (સભ્ય), નાયબ મામલતદાર મહેસુલ, જૂનાગઢ શહેર (સભ્ય), સર્કલ ઓફિસર, જૂનાગઢ (સભ્ય) અને જૂનાગઢ શહેરના ચાર રેવન્યુ તલાટીઓની નિમણુંક કરી હતી. ઉપરોકત અધિકારી-કર્મચારીઓએ આજે સવારે ૧૦ કલાકે જૂનાગઢ જીમખાના ખાતે પહોંચી સમગ્ર સંકુલનો સરકારશ્રી પક્ષે કબ્જો સંભાળી લેવાની કાર્યવાહી શરૂ કરી હતી. ત્યારબાદ પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલે સ્થળની રૂબરૂ મુલાકાત લઈ જૂનાગઢ જીમખાનાની ઈમારતના તમામ રૂમો, હોલ તેમજ સંકુલમાં આવેલ અન્ય તમામ મિલ્કતોને સીલ મારી હતી અને સરકાર પક્ષે કબ્જો સંભાળી લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં જૂનાગઢ જીમખાનાની ઈમારત અત્યંત જર્જરીત થઈ ગઈ છે અને કેટલોક ભાગ ધરાશાયી થવાની અણી પર છે ત્યારે કોઈ અકસ્માતની ઘટના બને તે પહેલા આ ઈમારતને સરકારશ્રી હસ્તક લઈ લેવામાં આવી છે અને જુની કમિટીને બરખાસ્ત કરી દેવામાં આવી છે. વર્ષ ૨૦૧૬માં જૂનાગઢ જીમખાનાની મેનેજીંગ કમિટીનું ઈલેકશન થયેલ જેની મુદત ત્રણ વર્ષ એટલે કે ૨૦૧૮ સુધીની હતી. જયારે ૨૦૧૮ થી લઈ ૨૦૨૪ સુધી કોઈ ઈલેકશનની કાર્યવાહી થઈ નથી અને જુની કમિટી બેઠા થાળે ઉભડક વહીવટ ચલાવતી હતી. જે અંગેની અનેક ફરિયાદો કલેકટરશ્રીને મળી હોવાનું જાણકાર સુત્રોએ જણાવેલ છે. જુની કમિટીમાં પણ હોદાની રૂએ કલેકટર જૂનાગઢ (પ્રમુખ) અને એસ.પી. જૂનાગઢ (ઉપપ્રમુખ) હોય છે. સામાન્ય રીતે આ બન્ને વરિષ્ઠ અધિકારીઓ હોદાની રૂએ જીમખાનાના પ્રમુખ-ઉપપ્રમુખ હોય છે. જયારે અન્ય સભ્યોમાં ગિરીશ કોટેચા (સેક્રેટરી), ધર્મેશ મીઠીયા (જોઈન્ટ સેક્રેટરી), સંદીપ કોટેચા (ટ્રેજરર), જગત મશરૂ (કમિટી મેમ્બર), અનુભાઈ પંડયા (કમિટી મેમ્બર), જયેશ ભુવા (કમિટી મેમ્બર), અમીત સોલંકી (કમિટી મેમ્બર), છેલભાઈ દવે (કમિટી મેમ્બર), ઈશ્વર વાછાણી (કમિટી મેમ્બર) તરીકે હતા. એવું પણ ચર્ચાઈ રહેલ છે કે, જૂની કમિટી પોતાની રીતે મનસ્વી વહીવટ ચલાવતી હતી અને સભ્ય તરીકે પણ જેને મન ફાવે તેમ રકમ વસુલીને નિમણુંક કરતી હતી. જુની કમિટીના સેક્રેટરીએ મનસ્વીપણે બેફામ ગેરવહીવટ કર્યો હોવાની અનેક ફરિયાદો કલેકટરશ્રી સમક્ષ થઈ હોવાનું સુત્રો જણાવે છે.

સામાન્ય રીતે સરકાર દ્વારા સાંસ્કૃતિક પ્રવૃતિઓ, રમત-ગમતનો ઉત્તેજન-પ્રોત્સાહન આપવામાં આવે છે પરંતુ જૂનાગઢ જીમખાનાના કેસમાં ગેરવહીવટને કારણે સરકારશ્રીને ઉપરોકત કાર્યવાહી કરવાની ફરજ પડી હોવાનું જાણકાર સુત્રો જણાવી રહ્યા છે.

આમ, આજે જીમખાનાનો કલેકટરશ્રીના આદેશથી પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલે કબ્જો લઈ શ્રીસરકાર હસ્તક લઈ લેતા જુની કમિટી આપોઆપ બરખાસ્ત થઈ ગઈ છે.

જોકે, જીલ્લા વહીવટી તંત્રએ અચાનક જીમખાનાની ઈમારતને શ્રીસરકાર હસ્તક લઈ લેતા અનેક તર્ક વિતર્ક થઈ રહ્યા છે. એવું પણ ચર્ચાય છે કે, જીમખાનાની ઈમારતના કાર્ડરૂમમાં જુગાર પણ રમાતો હતો અને નિયમ મુજબ કોઈ કાર્યવાહી થતી ન હતી. મનસ્વી વહીવટ કરવામાં આવતો હતો. તેમજ ઈમારતની જાળવણી, રક્ષણ માટે પણ કોઈ કાર્યવાહી કરવામાં આવતી ન હતી. તેથી કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલા જ કલેકટરશ્રીએ એક આદેશ દ્વારા જૂનાગઢ જીમખાનાનો કબ્જો સંભાળી શ્રીસરકાર હસ્તક લઈ લેતા હવે આગળ શું કાર્યવાહી થાય છે તે જોવાનું રહ્યુ. હાલ તો આ બાબત સમગ્ર શહેરમાં ચર્ચાનો મુદો બની ગયો હતો..

દરમ્યાનમાં એવું પણ જાણવા મળેલ છે કે, જુની કમિટીને પાણીચું પકડાવી દેવામાં આવતા જુની કમિટીના કેટલાક હોદેદારોને સરકારની આ કાર્યવાહી અનુકુળ આવી નથી. અને જીમખાનાને સીલ કરવા સામે કોર્ટના દ્વાર ખખડાવવા આવશે તેવું સુત્રો જણાવી રહ્યા છે. હાલમાં તો જીમખાનાને સીલ કરી દેવામાં આવતા જૂનાગઢ શહેરના જેન્ટ્રીઓ, નાગરીકો અને જીમખાનાના રેગ્યુલર સભ્યો, મુલાકાતીઓમાં જુની કમિટી સામે રોષ વ્યાપી ગયો છે. અત્રે એ પણ નોંધનીય છે કે, જીમખાનાની શરૂઆતમાં રૂા.૫૦૦૦ થી મેમ્બરશીપ મળતી હતી ત્યારબાદ રૂા.૧૦,૦૦૦ પછી રૂા.૨૫,૦૦૦ અને હવે મેમ્બરશીપ ફી નો આંકડો રૂા.૧ લાખે પહોંચી ગયો છે. જેનો અર્થ એ થાય કે, આ માત્ર સમૃધ્ધ વર્ગ માટે જ છે ગરીબ વર્ગ માટે જીમખાનાની સુવિધા નથી તેવું સીધ્ધ થાય છે. હાલમાં જીમખાનાના ૪૫૦ થી વધુ સભ્યો હોવાનું જાણવા મળેલ છે. સભ્યફી રૂા.૧ લાખની ઉઘરાવવા છતાં પણ જીમખાનાનો વહીવટ ખાડે ગયો હતો. ચારે બાજુ ગંદકી અને ઉકરડાના થર, ટોયલેટ, વોશરૂમ, બાથરૂમના કોઈ ઠેકાણા નહીં, સુવિધાના નામે મીંડુ હતું. તે પ્રકારે ગેરવહીવટ ચાલતો હતો. અને એવું પણ ચર્ચાય છે કે, મોટી નાણાકીય ગેરરીતી પણ આચારવામાં આવી છે જે તપાસનો વિષય છે. એવી પણ માંગણી થઈ રહી છે કે, વર્તમાન જૂનાગઢ જીમખાનાની ઈમારતનું રીનોવેશન કરી નવી ઈમારતનું બાંધકામ કરી પુનઃ કાર્યરત કરવામાં આવે. જેથી કરીને શહેરના લોકો પાસે જે દાયકાઓથી સુવિધાઓ હતી તે યથાવત જળવાઈ રહે.

# સોમવતી અમાસે દામોદર કુંડે લાખોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા



## દામોદર કુંડમાં સ્નાન કરી પિતૃઓના મોક્ષ માટે પ્રાર્થના કરી, તપર્ણ કર્યુ

(પ્રતિનિધી દ્વારા)

જૂનાગઢ,તા.૦૨

આજે શ્રાવણ મહિનાનો અંતિમ દિવસ છે ત્યારે સોમવતી અમાસે એટલે કે ભાદરવી અમાસે દામોદર કુંડના કાંઠે લાખોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા.જયા લોકોએ પોતાના પિતૃઓના મોક્ષ માટે પીપળે પાણી ચડાવી પ્રાર્થના કરી હતી.અહીં નરસી મેહતાના પિતાજીનું શ્રાદ્ધ કૃષ્ણ ભગવાને નરસી મેહતાનું રૂપ ધારણ કરી કર્યું હતું એટલે પિતૃઓના મોક્ષ માટે અહીં સ્નાનનું વિશેષ ધાર્મિક મહત્વ રહેલું છે.આજે શ્રાવણ મહિનાનો છેલ્લો સોમવાર અને સોમવતી અમાસનો પવિત્ર સંયોગ સર્જાયો છે ત્યારે ધાર્મિક મહત્વ ધરાવતા પવિત્ર દામોદર કુંડ ખાતે આજે સવાર થી જ લાખોની સંખ્યામાં ભાવિકો તેમના પિતૃ તર્પણ માટે આવી પહોંચ્યા હતા. રાજ્યના પ્રસિદ્ધ દામોદર કુંડ ખાતે આજે સોમવતી અમાસના પવિત્ર દિવસે મોટી સંખ્યમાં ભાવિકો ઉમટી પડ્યા હતા. દામોદર કુંડમાં સ્નાન કરી પોતાના પિતૃઓના મોક્ષ માટે પ્રાર્થના કરી હતી.

જુનાગઢના દામોદર કુંડ ખાતે પિતૃ તર્પણ માટે બારેમાસ ભાવિકો આવતા હોય છે અને અહીં સ્નાન કરી અને અહીં આવેલા પારસ પીપળે જળ ચડાવી પોતાના પિતૃના મોક્ષ માટે પ્રાર્થના કરતા હોય છે. પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે આજે સોમવતી અમાસ ના દિવસે લોકોએ પિતૃ તર્પણ કરી પોતાના પિતૃઓના મોક્ષ સાથે પ્રાર્થના કરી હતી. શ્રાવણ માસની અમાસ એટલે આજે ખૂબ જ સંયોગ સંયુક્ત બન્યો છે. આજના દિવસને પિતૃઓના મોક્ષ માટેનો ખૂબ જ મહત્વનો દિવસ માનવામાં આવે છે.. ગઈકાલ રાતથી જ અહીં માનવ મહેરામણ ખૂબ જ બહોળી સંખ્યામાં ઉમટી પડ્યું છે. આ વર્ષે વરસાદ પણ ખૂબ સારો વરસ્યો છે જેના કારણે લોકો પણ મન મૂકી સ્નાન કરી રહ્યા છે. અહીં દામોદર કુંડ પર પ્રાચીન પીપળે યાત્રાડવો પાણી પીવડાવી પોતાના પિતૃઓના મોક્ષાર્થે ભગવાનને પ્રાર્થના કરે છે.

શ્રાવણ માસના અંતિમ દિવસ ની ઓળખ ભાદરવી અમાસ તરીકે કરવામાં આવે છે અને આજના દિવસને પિતૃઓના મોક્ષ માટેનો ખૂબ જ મહત્વનો દિવસ માનવામાં આવે છે.આમ જોવા જઈએ તો અમાસ દર મહિને આવતી હોય છે. પરંતુ ભાદરવી અમાસ નું મહત્વ ખૂબ જ છે. આજના દિવસે પિતૃઓને પોતાના સ્વજનો પાસેથી પાણી પીવાની ઈચ્છા હોય છે તેવું પણ માનવામાં આવે છે. ત્યારે હજારો કિલોમીટર દૂરથી લોકો અહીં આજના દિવસે પોતાના પિતૃઓને પાણી પીવડાવી સ્નાન કરી પિતૃ તર્પણ નું કાર્ય કરી પૂજા અર્ચના કરે છે. રાજકોટથી આવેલા શ્રદ્ધાળું જયાબેન ભરવાડ એ જણાવ્યું હતું કે આજની અમાસનું મહત્વ ખૂબ જ છે કારણ કે આજે શ્રાવણ મહિનાની સોમવતી અમાસ છે અને આજથી શરૂ થતો મહીનો પિતૃ મહિનો એટલે કે ભાદરવા મહિનાની શરૂઆત થઈ રહી છે. જૂનાગઢમાં ૩૩ કરોડ દેવતાનો વાઘ છે અહીં અમે પિત્તર પણ માટે આવ્યા હતા અહીં પોલીસ તંત્રએ સુરક્ષા માટે ખૂબ જ સારી વ્યવસ્થા કરી છે. ચંપાબેન વેગડે જણાવ્યું હતું કે સોમવતી અમાસે આજે દામોદર કુંડના પવિત્ર કાઠે સ્નાન કરી પિતૃઓને મોક્ષ મળે તેવી પ્રાર્થના કરી હતી. અહીં આવતા શ્રદ્ધાળુઓ પોતાના પિતૃઓના મોક્ષ સાથે સ્નાન કરી પીપળે પાણી ચઢાવી ભગવાનને પિતૃઓના મોક્ષ મળે તેવી પ્રાર્થના કરે છે. દર વર્ષે લોકો અહીં પોતાના પિતૃઓની તર્પણ વિધિ અને મોક્ષ માટે પ્રાર્થના કરવા આવે છે ગંગા જેટલું અહીંના દામોદર કુંડના કાંઠાનું મહત્વ છે. શ્રદ્ધાળુ જ્યારે ભારતભરમાં ગમે ત્યાં યાત્રા કરવા માટે જાય છે પરંતુ એ યાત્રાળુ દામોદર કુંડ આવી સ્નાન કરે છે ત્યારે તેની યાત્રા પૂર્ણ થાય છે તેવું પણ માનવામાં આવે છે. દામોદર કુંડના તીર્થપુરોહિત નિલેશભાઈ પુરોહિતે જણાવ્યું હતું કે શ્રાવણ માસની અમાસ એટલે આજે ખૂબ જ સારો સંયુક્ત બન્યો છે. આજના દિવસને પિતૃઓના મોક્ષ માટેનો ખૂબ જ મહત્વનો દિવસ માનવામાં આવે છે. ગઈકાલ રાતથી જ અહીં માનવ મહેરામણ ખૂબ જ બહોળી સંખ્યામાં ઉમટી પડ્યું છે.

આ વર્ષે વરસાદ પણ ખૂબ સારો વરસ્યો છે જેના કારણે લોકો પણ મન મૂકી સ્નાન કરી રહ્યા છે. અહીં દામોદર કુંડ પર પ્રાચીન પીપળે પાણી પીવડાવી પોતાના પિતૃઓના મોક્ષાર્થે ભગવાનને પ્રાર્થના કરે છે. શ્રાવણ માસના અંતિમ દિવસ ની ઓળખ ભાદરવી અમાસ તરીકે કરવામાં આવે છે અને આજના દિવસને પિતૃઓના મોક્ષ માટેનો ખૂબ જ મહત્વનો દિવસ માનવામાં આવે છે.આમ જોવા જઈએ તો અમાસ દર મહિને આવતી હોય છે. પરંતુ ભાદરવી અમાસ નું મહત્વ ખૂબ જ છે. આજના દિવસે પિતૃઓને પોતાના સ્વજનો પાસેથી પાણી પીવાની ઈચ્છા હોય છે તેવું પણ માનવામાં આવે છે. ત્યારે હજારો કિલોમીટર દૂરથી લોકો અહીં આજના દિવસે પોતાના પિતૃઓને પાણી પીવડાવી સ્નાન કરી પિતૃ તર્પણ નું કાર્ય કરી પૂજા અર્ચના કરે છે.

## મેંદરડાના ગઢાળી ગામે વાડી વિસ્તારમાં ઈલેકટ્રીક શોક લાગતા વૃધ્ધનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

મેદરડા તાલુકાના ગઢાળી ગામે હતુમાંધાર વાડી વિસ્તારમાં વૃધ્ધને ઈલેકટ્રીક શોક લાગતા મોત નિપજયાનું મેંદરડા પોલીસ મથકે નોંધાયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર મેંદરડા પોલીસ મથકે મહેશભાઈ નવલભાઈ ગોહીલે જાહેર કરેલ કે પોતાના મૃતક પિતા નવલભાઈ (ઉ.વ.૬૦) વાળાઓને કોઈપણ કારણોસર ઈલેકટ્રીક શોક લાગતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## મેંદરડાના ખાખી મઢી રામજી મંદિરના દર્શને પ્રવિણભાઈ તોગડીયા




જૂનાગઢ તા.૩

મેંદરડાના ખાખીમઢી રામજી મંદિરના દર્શને ગઈકાલે પ્રવિણભાઈ તોગડીયા તથા રણછોડભાઈ ભરવાડ તેમના સાથીદારો સાથે આવેલ હતા. દરમ્યાન મંદિરના મહંત પુ.સુખરામદાસબાપુએ તેઓનું ફુલહાર પહેરાવી, સાલ ઓઢાડી સન્માનિત કરી આવકાર્યા હતા. તેઓએ હિન્દુત્વના મુદે વાતચીત કરી હતી અને સાધુ સંતોને કુંભ મેળાની વ્યવસ્થાઓ અંગે જાણકારી મેળવી હતી. આ તકે સુરેશભાઈ બજાણીયા, ગોરધનભાઈ ચૌહાણ, રવિભાઈ ચૌહાણ સહિતના તમામ મેંદરડાના આગેવાનો તેમજ મહિલા સત્સંગ મંડળના બહેનો પણ સન્માનમાં સામેલ થયા હતા. પ્રવિણભાઈએ ભગવાનશ્રી રામજીની આરતી કરી રાજીપો વ્યકત કર્યો હતો અને આવા કાર્યક્રમો વારંવાર અહી થતા રહે તેવી ભગવાનના ચરણોમાં પ્રાર્થના કરી હતી.

## જૂનાગઢના ગાયત્રી મંદિર ખાતે ગિરનારી ગ્રુપ દ્વારા ભાદરવી અમાસ નિમિત્તે હજારો શ્રધ્ધાળુઓને પ્રસાદી રૂપે "ચા" પીવડાવવામાં આવેલ




વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે.... ના સૂત્રને ગિરનારી ગ્રુપ સાર્થક કર્યું છે - ડો. ગૌરાંગ બગડા

જૂનાગઢ તા. ૦૨

જૂનાગઢના ગિરનાર ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, આજે જોગાનુજોગ શ્રાવણ મહિનાનો છેલ્લો સોમવાર, સોમવતી અમાસ અને ભાદરવી અમાસનો ત્રિવેણી સંગમ ભેગો થતા જુનાગઢ તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી બહોળી સંખ્યામાં લોકો પિતૃ તર્પણ (પોતાના સ્નેહીજનોને ગુમાવેલા હોય એમને પીપળે પાણી રેડી તૃપ્ત કરવા) માટે દામોદર કુંડ ખાતે આવેલા હતા. જેમને ગિરનારી ગ્રુપ દ્વારા "ચા" રૂપી પ્રસાદી પીવડાવવામાં આવેલ હતી. આ સેવાકીય કાર્યને સફળ બનાવવા માટે ગિરનારી ગ્રુપના સભ્યશ્રીઓ શ્રી દિનેશભાઈ રામાણી, સમીરભાઈ દવે, જગદીશભાઈ દતાણી, અક્ષિતભાઈ કુબાવત, સચિનભાઈ ભાટીયા, પરેશભાઈ ઉનડકટ, વિપુલભાઈ બુધદેવ, હરિભાઈ કારીયા, ભરતભાઈ ભાટીયા, પરાગભાઈ ભુપ્તા, સમીરભાઈ ઉનડકટ, ભાવેશભાઈ સુતરીયા, નક્ષભાઈ રાજા, ગાયત્રી મંદિરના નાગ બાપુ વાળા સહિતના લોકોએ સાથ સહકાર આપી સેવાઓ આપેલ હતી. તેમ યાદીના અંતે જણાવેલ હતું


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એક્સચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

MI-GL

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

બીના ઈલેક્ટ્રોનિક્સ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.